RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 93, Dt.28-06-2024 Friday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# NEET પેપર લીક મુદ્દે સંસદમાં સમરાંગણ



## નીટ મુદ્દે વિપક્ષ દ્વારા ચર્ચાની માંગ કરવામાં આવતા હોબાળો મચી ગયોઃ લોકસભાની કાર્યવાહી સોમવાર સુધી મુલત્વી રખાઈઃ પૂર્વ વડાપ્રધાન દેવગૌડાએ પેપર લીકના મુદ્દે સામુહીક જવાબદારી લેવા જણાવ્યું

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

૧૮મી લોકસભાના સંસદ સત્રના ૫મા દિવસની કાર્યવાહી શરૂ થતાં હોબાળો મચી ગયો હતો. સંસદના બંને ગૃહો લોકસભા અને રાજ્યસભામાં NEET મુદ્દે વિપક્ષ દ્વારા ચર્ચાની માગ કરવામાં આવી હતી. જેના પગલે હોબાળો થતાં કાર્યવાહી બપોરના ૧૨ વાગ્યા સુધી અટકાવી દેવામાં આવી હતી. જો કે NEET મુદ્દે જોરદાર બબાલ વચ્ચે ફરી એકવાર ૧૨ વાગ્યે રાજ્યસભા અને લોકસભાની કાર્યવાહી શરૂ થઈ હતી પરંતુ વિપક્ષ NEET પર ચર્ચાની માગ પર અડગ રહેતાં હોબાળાની સ્થિતિ જળવાઈ રહી હતી. જેના પગલે ફરી એકવાર કાર્યવાહી અટકાવવી પડી હતી. લોકસભાની કાર્યવાહી સોમવાર સુધી સ્થગિત કરી દેવામાં આવી છે. જ્યારે રાજ્યસભામાં પણ ભારે હોબાળાની સ્થિતિ વચ્ચે હાલ કાર્યવાહી ચાલી રહી છે.

સુધાંશુ ત્રિવેદીએ કહ્યું કે નરેન્દ્ર મોદી સતત ત્રીજી વખત વડાપ્રધાન બન્યા છે. નેહરુની બરાબરી કરી લીધી છે. નેહરુ અને મોદી વચ્ચે કોઈ સરખામણી ન થઈ શકે. એક પુસ્તકનો ઉલ્લેખ કરતાં સુધાંશુ ત્રિવેદીએ કહ્યું કે નેહરુને વડાપ્રધાન માટે શૂન્ય મત મળ્યા હતા અને એક એવા મોદીજી છે જેમને સર્વસંમતિથી નેતા માની લેવાયા છે. એક બાજુ નહેરુ છે જેમને તેમની પાર્ટી દ્વારા નેતા માનવામાં આવતા ન હતા, તો બીજી બાજુ મોદીજી છે જેમને સર્વસંમતિથી નેતા માનવામાં આવે છે.

પૂર્વ વડાપ્રધાન એચ.ડી.દેવગૌડાએ રાજ્યસભામાં નીટ પેપર લીકનો મુદ્દો ઊઠાવ્યો હતો. તેમણે તપાસ ચાલુ હોવાનો ઉલ્લેખ કરતાં કહ્યું કે આપણે સામૂહિક જવાબદારી લેવી પડશે. તેમણે હાથ જોડીને ગૃહને આ નિવેદન કર્યું હતું.ઉલ્લેખનીય છે કે સંસદના બંને ગૃહોમાં આજે રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુના અભિભાષણ બાદ ધન્યવાદ પ્રસ્તાવ અંગે ચર્ચા થવાની હતી.

# રાજ્યમાં છેલ્લા ૭ વર્ષમાં જીએસટી કરદાતાઓની સંખ્યામાં ૧૩૪ ટકાનો વધારો

## બાયોમેટ્રીક ઓળખ ફરજિયાત કરાતા નવા રજિસ્ટ્રેશન ઘટયા

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

વન નેશન વન ટેકસ હેઠળ દેશભરમાં લાગુ થયેલા જીએસટીને સાત વર્ષ થવા છતાં સિસ્ટમ હજુ ફૂલપ્રુફ બની ન હોય તેમ નવા-નવા કૌભાંડોનો પર્દાફાશ થતો જ રહ્યો છે સાથોસાથ જીએસટી કરદાતાઓની સંખ્યામાં પણ સારો એવો વધારો છે.

ગુજરાતમાં છેલ્લા સાત વર્ષમાં જીએસટી કરદાતાઓની સંખ્યામાં ૧૩૪ ટકાનો વધારો છે. ૧ જુલાઈ ૨૦૧૭ ના રોજ એકટીવ જીએસટી કરદાતાની સંખ્યા ૫.૦૮ લાખ હતી તે હવે ૧૧.૯૫ લાખ પર પહોંચી છે. અર્થતંત્રનો વિકાસ અને વધતા રોકાણની આ સાબીતી હોવાનું નિષ્ણાંતોનું કથન છે.




જીએસટી વિભાગનાં એક સીનીયર અધિકારીએ જણાવ્યું હતું કે વર્ષો વર્ષ વધતા જીએસટી રજીસ્ટ્રેશન વેપાર ધંધાનાં વિકાસનો સંકેત આપે છે. પ્રક્રિયા સરળ રાખવામાં આવી હોવાથી વેપાર ધંધાર્થીઓને પણ પ્રોત્સાહન મળી રહે છે.

જોકે રસપ્રદ વાત તો એ છે કે ગત વર્ષમા નવા જીએસટી કરદાતાઓની સંખ્યામાં માત્ર ૦.૫ ટકાનો જ વધારો થયો હતો. બોગસ બીલીંગ કૌભાંડો રોકવા માટે બાયોમેટ્રીક ઓળખ ફરજીયાત બનાવવા સહીતની પ્રક્રિયા થતા ગોરખધંધા માટે નોંધણી કરાવનારાઓને બ્રેક લાગી છે.

ઓકટોબર ૨૦૨૩ થી નવી રજીસ્ટ્રેશન સિસ્ટમ દાખલ કરવામાં આવી હતી નવેમ્બર ૨૦૨૩ થી મે ૨૦૨૪ ના ગાળામાં નવા રજીસ્ટ્રેશન ૨૫ ટકા ઘટયા છે.નવેમ્બર ૨૦૨૨ ની સરખામણીએ નવેમ્બર ૨૦૨૩ માં રજીસ્ટ્રેશન ૫૫ ટકા ઘટયા હતા.

એકટીવ જીએસટી કરદાતાઓમાં ગોટાળા આચરીને રજીસ્ટ્રેશન કરાવનારા તથા નોંધણી રદ થઈ હોય તેવા કરદાતાઓને સામેલ કરવામાં આવતા નથી. ઉદ્યોગ સુત્રોના કહેવા પ્રમાણે સેમી કન્ડકટર સહીતનાં ક્ષેત્રોમાં નવા રોકાણને પગલે જીએસટીઆઈએનમાં વધારો થયો છે.

ગુજરાતમાં બોગસ બીલીંગ કૌભાંડોનો રાફડો છે ત્યારે આવા વધુ એક કેસમાં એસજીએસટી વિભાગ દ્વારા ત્રણ લોકોની ધરપકડ કરવામાં આવી છે.બોગસ બીલીંગમાં સેલીંગ મીલ ક્ષેત્રની ૯ પેઢીઓની સંડોવણી ખુલી છે. રૂા.૭૦-૭૧ કરોડની બનાવટી ઈનપુટ ટેકસ ક્રેડીટ મેળવવા ૩૯૨.૮ કરોડનું બોગસ બીલીંગ કરવામાં આવ્યું હતું. આ કેસમાં અરવિંદ પટેલ, જસમીન પટેલ તથા કૃપેશ પટેલની ધરપકડ કરવામાં આવી છે.

# સૌરાષ્ટ્ર અને દ.ગુજરાતમાં મેઘરાજા સટાસટી બોલાવશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

હવામાન વિભાગે રાજ્યમાં આજે ભારે વરસાદની આગાહી કરી છે. સૌરાષ્ટ્રના મોટા ભાગના જિલ્લાઓમાં તેમજ ઉત્તર અને મધ્ય ગુજરાતના જિલ્લામાં ઓરેન્જ તથા યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. હવામાન વિભાગે ૧૦ જિલ્લામાં ઓરેન્જ તેમજ ૧૩ જિલ્લામાં વરસાદનું યલો એલર્ટ આપ્યું છે. આજે વહેલી સવારથી સુરત સહિત દ.ગુજરાતમાં તેમજ સૌરાષ્ટ્રમાં વરસાદી માહોલ જામ્યો છે. સુરતમાં ધોધમાર વરસાદના પગલે પોલીસ સ્ટેશનની બહાર જ પાણી ભરાયા હતા. તો રાજુલાની મુખ્ય બજારમાં પણ પાણી ફરી વળ્યાં હતા.



ગઈકાલે પણ રાજયમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. આજે સવારે ૬ વાગ્યે પૂરા થતા ૨૪ કલાકમાં રાજ્યના ૧૧૪ તાલુકામાં વરસાદ વરસ્યો હતો, જેમાં સૌથી સાબરકાંઠાના પોશીનામાં બે ઈંચ જેટલો વરસાદ પડ્યો હતો. તો આજે સવારે ૬ વાગ્યાથી બપોરના ૧૨ વાગ્યા સુધી રાજયના ૩૧ તાલુકાઓમાં વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધુ ગીર સોમનાથના સુત્રાપાડામાં ૨૪ મિમિ ખાબક્યો છે.

# રિલાયન્સ જિયોએ યુઝર્સને આપ્યો ઝટકો, ટેરિફ પ્લાન કર્યા મોંઘા, ૩ જુલાઈથી લાગૂ થશે

**મુખ્ય સમાચાર,નવી દિલ્હી**

દેશની અગ્રણી ટેલિકોમ કંપની રિલાયન્સ જિયોએ તેના પ્રીપેડ ટેરિફ પ્લાનની કિંમતો વધારવાની જાહેરાત કરી છે. કંપનીના નવા ટેરિફ પ્લાન ૩ જુલાઈથી શરૂ થશે. કંપનીનો બેઝ પ્લાન પહેલા ૧૫૫ રૂપિયાનો હતો, જે વધીને ૧૮૯ રૂપિયા થશે. આવી સ્થિતિમાં ટેરિફમાં ૨૨ ટકાનો વધારો થયો છે

રિલાયન્સ જિયોએ તેના ૧૯ પ્લાનની કિંમતોમાં વધારો કર્યો છે, જેમાંથી ૧૭ પ્રીપેડ અને ૨ પોસ્ટ પ્લાન છે. આ પહેલીવાર છે જ્યારે Jioએ એરટેલ પહેલા ટેરિફમાં વધારો કર્યો છે.

રિલાયન્સ જિયોનો બેઝ પ્લાન ૧૫૫ રૂપિયાનો છે, જેની કિંમત હવે વધીને ૧૮૯ રૂપિયા થઈ ગઈ છે. જોકે, પ્લાનની વેલિડિટી માત્ર ૨૮ દિવસની રહેશે. બીજો પ્લાન ૨૦૯ રૂપિયાનો છે, જેની કિંમત વધીને ૨૪૯ રૂપિયા થઈ ગઈ છે. આ પ્લાન્સના ડેટા બેનિફિટ્સમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. આ સાથે, અમર્યાદિત 5G ડેટા ઓફર કરતા ૨૩૯ રૂપિયાના પ્લાનની કિંમત વધારીને ૨૯૯ રૂપિયા કરવામાં આવી છે. આ પ્લાનમાં યુઝર્સને ૨૮ દિવસની વેલિડિટી મળે છે




પ્લાનની સાથે રિલાયન્સ જિયોએ ટેરિફમાં અમર્યાદિત 5G ડેટામાં પણ ફેરફાર કર્યા છે. હવેથી, અમર્યાદિત 5G ડેટા ફક્ત તે જ પ્લાનમાં ઉપલબ્ધ થશે જે દરરોજ 2GB ડેટા પ્રદાન કરે છે. નવી યોજનાઓ ૩ જુલાઈથી શરૂ થશે. રિલાયન્સ જિયોએ બે નવી સેવાઓ JioSafe અને JioTranslate પણ રજૂ કરી છે. JioSafe એક સુરક્ષિત સંચાર એપ્લિકેશન છે, જે કોલિંગ, મેસેજિંગ, ફાઈલ ટ્રાન્સફર અને અન્ય સુવિધાઓ પ્રદાન કરે છે. આ એપનું સબસ્ક્રિપ્શન ૧૯૯ રૂપિયા પ્રતિ માસ છે.

JioTranslate એક બહુભાષી સંચાર એપ્લિકેશન છે જે વોઇસ કોલ અનુવાદ, વોઇસ સંદેશ, ટેક્સ્ટ અને છબી અનુવાદ જેવી સુવિધાઓ પ્રદાન કરે છે. આ એપની સબસ્ક્રિપ્શન કિંમત ૯૯ રૂપિયા પ્રતિ માસ છે. આ સાથે બંને એપનું માસિક સબસ્ક્રિપ્શન ૨૯૮ રૂપિયા પ્રતિ માસ છે.

# આયુષ્યમાન યોજનામાં ગોટાળા બદલ રાજકોટની નિહિત બેબીકેર હોસ્પિટલને રૂા.૬.૫૪ કરોડનો દંડ

## લક્ષ્મીનગર મેઈન રોડ પર આવેલ બેબીકેર હોસ્પિટલના ૫૨૪માંથી ૧૧૬ કેસમાં ગોલમાલ ઝડપાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ડોકટરને ભગવાનનો દરજજો આપવામાં આવ્યો છે. જીવન રક્ષક બનતા ડોકટરોએ અત્યારે ઉઘાડી લુંટ ચાલુ કરી છે. પૈસા કમાવવાની હોડમાં અનિતીના રસ્તે ચાલવા માંડયા છે તેવો જ એક કિસ્સો રાજકોટની નિહિત બેબીકેર હોસ્પિટલમાં સામે આવ્યા છે. જેમાં ડોકટરે આયુષ્યમાન યોજના હેઠળ કરવામાં આવેલ છેતરપીંડીમાં હોસ્પિટલને ૬.૫૪ કરોડનો દંડ ફટકારવામાં આવ્યો છે.

ગુજરાતમાં પ્રથમવાર એવી ઘટના બની છે જયાં એક હોસ્પિટલને ૬.૫૪ કરોડનો સૌથી વધુ દંડ ફટકારવામાં આવ્યો હોય. હાલ આ હોસ્પિટલને દંડ સાથે આયુષ્યમાન યોજનાનો સરકાર સાથેના કરારની યાદીમાંથી હોસ્પિટલનું નામ હટાવી દેવામાં આવ્યું છે જે નિહિત હોસ્પિટલને ચોકકસ મુદતમાં આ દંડની




(તસ્વીરઃ આનંદ જાવિયા)

રકમ ફરજીયાતપણે ભરવાની રહેશે.

લક્ષ્મીનગર મેઈન રોડ, ત્રિશુલ ચોક પાસે આવેલ નિહિત બેબીકેર હોસ્પિટલના ડો.હિરેન મારૂ દ્વારા આ છેતરપીંડી કરવામાં આવી હતી. જિલ્લા આરોગ્ય અધિકારી પી.કે.સિંઘને મળતી માહિતી મુજબ નિહિત બેબીકેર હોસ્પિટલમાં થતા લેબોરેટરીના રિપોર્ટમાં વધુ ચાર્જ ઉમેરી સરકારને પોર્ટલમાં ચડાવવામાં આવતું હતું. અંદાજે ૧૧૬ લેબના રિપોર્ટમાં નિયત કરેલ ચાર્જથી વધુ ચાર્જ ઉમેરી સરકારના આયુષ્યમાન પોર્ટલ પર રિપોર્ટ જમા કરવામાં આવતા હતા.

આ કામગીરીમાં સરકારને ગડબડ લાગતા જિલ્લા આરોગ્ય અધિકારી પી.કે.સિંઘને તપાસનો આદેશ આપવામાં આવ્યો હતો. તપાસ દરમ્યાન ૬૫ લાખની છેતરપીંડી કરી હોવાનું સામે આવ્યુ હતું. આ રકમની ૧૦ ગણી પેનલ્ટી રકમ ૬.૫૪ કરોડનો દંડ હોસ્પિટલને ફટકારવામાં આવ્યો છે. નિહિત બેબીકેર હોસ્પિટલમાં નાના બાળકોને સારવાર આપવામાં આવે છે.

આયુષ્યમાન યોજના હેઠળ ગરીબ અને જરૂરિયાતમંદ પરિવારોને વિનામૂલ્યે સારવાર અને રિપોર્ટ કરી આપવામાં આવે છે. આ રિપોર્ટની નિયત રકમ સરકાર દ્વારા હોસ્પિટલને ચૂકવવામાં આવે છે પરંતુ વધુ પૈસા કમાવવાની લ્હાયમાં ડોક્ટરે ૫૨૪માંથી ૧૧૬ રિપોર્ટમાં વધુ ચાર્જ ઉમેરી પોર્ટલમાં રિપોર્ટ અપલોડ કર્યા હતા. એક મહિના પુર્વે ૩ મે ના રોજ આ હોસ્પિટલ સામે કાર્યવાહી કરવામાં આવી હતી.સરકારની ૧૦ ટીમો દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી જેમાં રાજકોટના છ અધિકારીઓને સાથે રાખી તપાસ કરાવી હતી. ગુજરાતમાં પ્રથમ વખત સૌથી મોટો દંડ હોસ્પિટલને ફટકારવામાં આવ્યો હતો. છેતરપીંડી કરનાર હોસ્પિટલો સામે આ એક મોટી કાર્યવાહી છે.

# આવશ્યકતા કરતા વધુ બફર સ્ટોક થતા ચોખાની નિકાસ પરનો પ્રતિબંધ ઉઠાવવા માંગ

## પ્રતિબંધને પરિણામે ભારતની નિકાસ બજારોમાં અન્ય દેશોની હાજરી વધી રહ્યાનો દાવો

**મુખ્ય સમાચાર, મુંબઈ**

ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (એફસીઆઈ) પાસે ચોખાનો સ્ટોક બફર સ્ટોકના ધોરણ કરતા સાડાત્રણ ગણો વધુ પહોંચી જતા ચોખાના નિકાસકારોએ વ્હાઈટ ચોખા તથા ટૂકડા ચોખાની નિકાસ પરનો પ્રતિબંધ ઉઠાવી લેવા માગણી કરી છે. ભારતની નિકાસ બજારોમાં અન્ય દેશોનો પગપેસારો થઈ રહ્યો છે.

આ ઉપરાંત ઉકળા ચોખા પરના ડ્યૂટી માળખામાં પણ ફેરબદલ કરવા રજૂઆત કરવામાં આવી છે. કેન્દ્ર સરકારના અધિકારીઓ સાથેની બેઠકમાં આ રજુઆત કરવામાં આવી હોવાનું રાઈસ એકસપોર્ટર્સ એસોસિએશનના સુત્રોએ જણાવ્યું હતું.



ઉકળા ચોખા પર હાલમાં મૂલ્યના વીસ ટકા ડ્યૂટી લાગુ કરવામાં આવે છે તેના સ્થાને નિશ્ચિત રકમની ડ્યૂટી વસૂલવા સરકારને સૂચન કરાયું છે. અન્ડરવેલ્યુએશન ટાળવા આ સૂચન આવી પડયું છે.

ઘરઆંગણે પૂરવઠો જાળવી રાખવા ભારત સરકારે ૨૦૨૨ના ઓગસ્ટમાં ટૂકડા ચોખાની નિકાસ પર પ્રતિબંધ મૂકયો છે. આ ઉપરાંત ગયા વર્ષના જુલાઈમાં નોન-બાસમતિ વ્હાઈટ ચોખાની નિકાસ અટકાવી દેવાઈ હતી અને ઓગસ્ટમાં ઉકળા ચોખાની નિકાસ પર વીસ ટકા ડ્યૂટી લાગુ કરાઈ હતી.

ચોખાના ૧.૩૫ કરોડ ટનના બફર સ્ટોકના ધોરણ સામે એફસીઆઈ પાસે હાલમાં ૫.૦૫ કરોડ ટનનો બફર સ્ટોક છે. આ ઉપરાંત વર્તમાન વર્ષનું ચોમાસુ સારુ રહેવાની આગાહીને પગલે ચોખાનું ઉત્પાદન પણ ઊંચુ રહેવા અપેક્ષા છે.

ભારતની જે નિકાસ બજારોમાં હાજરી છે ત્યાં વિયેતનામ, થાઈલેન્ડ તથા મ્યાનમારના નિકાસકારો પગપેસારો કરી રહ્યા હોવાનો પણ સુત્રોએ દાવો કર્યો હતો.

# મોદી સરકારના નવા કાર્યકાળ બજેટમાં મોટી જાહેરાત થવાની સંભાવનાઃ કલમ 80C હેઠળ મળશે રૂ. બે લાખ સુધીની છૂટ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

મોદી સરકારના નવા કાર્યકાળનું બજેટ ૨૩ કે ૨૪ જુલાઈએ રજૂ થવાની શકયતા છે. નિષ્ણાતોનો અંદાજ છે કે, સરકાર સામાન્ય લોકોને પ્રોત્સાહન આપતાં ટેક્સમાં રાહત આપવા વિચારણા કરી શકે છે. તેમજ બજેટમાં અનેક મોટી જાહેરાતો પણ થઈ શકે છે. મીડિયા સૂત્રો અનુસાર, સરકાર આગામી બજેટમાં નવી ટેક્સ વ્યવસ્થા અંતર્ગત ટેક્સ છૂટની મર્યાદા રૂ. ૩ લાખથી વધારી રૂ. ૫ લાખ કરી શકે છે.

લોકોને આશા છે કે, જૂની ટેક્સ વ્યવસ્થા અંતર્ગત ટેક્સ સ્લેબમાં પણ ફેરફાર કરી શકાય છે. નિષ્ણાતોનું કહેવુ છે કે, સરકારનું ફોકસ મધ્યમવર્ગના ટેક્સમાં રાહત આપી દેશના જીડીપી ગ્રોથને વેગ આપવાનો છે. જેના માટે વધુને વધુ રોકાણની જરૂર છે. જેથી ટેક્સ સ્લેબમાં ફેરફારના કારણે નવી ટેક્સ વ્યવસ્થા અંતર્ગત છૂટની મર્યાદા વધારવામાં આવી શકે છે.




સરકાર રાજકોષિય ખાધને મજબૂત બનાવવા પર વિચારી રહી છે. જેથી ટેક્સ છૂટનો નિર્ણય પાછો ઠેલવી શકે. સરકાર ચાલુ નાણાકીય વર્ષ માટે જીડીપી ગ્રોથના ૫.૧ ટકા રાજકોષિય ખાધ હાંસલ કરવાનો લક્ષ્યાંક ધરાવે છે. સરકારને અપેક્ષા છે કે, સરકાર બજેટ દરમિયાન આવકવેરા અધિનિયમ ૧૯૬૧ની કલમ ૮૦ (સી) હેઠળ ટેક્સ છૂટની મર્યાદા વધારી શકે છે.

પબ્લિક પ્રોવિડન્ટ ફંડ, ઈન્સ્યોરન્સ અને અન્ય યોજનાઓ અંતર્ગત કલમ ૮૦ (સી) હેઠળ ટેક્સમાં રૂ. ૧.૫ લાખની છૂટ આપવામાં આવે છે. જો કે, સરકાર તેની મર્યાદા ૨ લાખ સુધી વધારી શકે છે. છેલ્લા ૧૦ વર્ષથી તેમાં કોઈ ફેરફાર થયો નથી.

ઈકોનોમિક લો પ્રેક્ટિસના પાર્ટનર મિતેશ જૈને જણાવ્યું હતું કે ૨૦૧૪માં ચૂંટણી પછી ભાજપ સરકારના પ્રથમ બજેટમાં, કલમ ૮૦ સી હેઠળ મહત્તમ ટેક્સ છૂટ રૂ. ૧.૫ લાખથી વધારી કરવામાં આવી હતી. કલમ ૮૦ સી એ જૂની કર વ્યવસ્થામાં કરદાતાઓ માટે એક પ્રખ્યાત કર બચત સાધન છે. આવી સ્થિતિમાં, મોટાભાગના લોકો તેનો લાભ લેવા માટે રોકાણ કરી રહ્યા છે.

જીવન વીમા પ્રીમિયમ, ટ્યુશન ફી અને હોમ લોનની ચુકવણી જેવા સંસાધનોના ખર્ચમાં પણ નોંધપાત્ર વધારો થયો છે, જેના કારણે વ્યકિતઓને ઘણીવાર રૂ. ૧.૫ લાખની મર્યાદા સુધીની છૂટ મળે છે. કરદાતાઓ ઘણા સમયથી બજેટમાં આ મર્યાદા વધારવાની અપેક્ષા રાખતા હતા, પરંતુ હજુ સુધી એવું થયું નથી. હવે આશા છે કે આ વખતના બજેટમાં તેની મર્યાદા વધારવામાં આવી શકે છે.

# મોરબી સબ જેલ ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના જજ અને ચેરમેન ડી એ પારેખ જેલ અધ્યક્ષક ડીએમ ગોહેલ જેલર પીએમ ચાવડા, અતુલભાઇ હાલપરા સહિત સુબેદાર વિનોદ ચાવડા અને હાજરી માસ્તર જલાભાઇ રજીયા સહિતનાઓના હસ્તે વૃક્ષારોપણ કાર્યક્રમ મોરબી સબ જેલ ખાતે પર્યાવરણનું જતન કરી વૃક્ષ વાવી વરસાદ લાવીના સૂત્રોચ્ચાર સાથે વિવિધ વૃક્ષોની વાવણી સબ જેલ ગ્રાઉન્ડ ખાતે કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં સમગ્ર જેલ સ્ટાફ સારી એવી





જેહમત ઉઠાવી હતી વૃક્ષારોપણ કાર્યક્રમ ના વિશેષ મહેમાન તરીકે કાનૂની સેવા સત્તા મંડળ જજ સાહેબ હાજર રહ્યા હતા.

# વાંકાનેરના સરતાનપર નજીક ફેક્ટરીના લેબર ક્વાર્ટરમાં બીજા માળેથી પટકાયેલા શ્રમિકનું મોત

**મુખ્ય સમાચાર, મોરબી**

મળતી માહિતી મુજબ વાંકાનેર તાલુકાના સરતાનપર ગામ નજીક આવેલ સ્વેલ સિરામીકના લેબર કવાર્ટરમાં રહેતા મૂળ મધ્યપ્રદેશ રાજ્યના પિપલ્યાબાગ ગામના વતની કૈલાશ શંકરલાલ ચૌહાણ ઉવ.૩૪ ગત તા. ૨૬/૦૬ ના રોજ સાંજના ૫ વાગ્યાના અરસામાં લેબર કોલોનીમાં બીજા માળે રૂમ પોતાના રૂમ પાસે આગળ લોબીની દીવાલ પર બેસેલ હોઇ તે દરમ્યાન અકસ્માતે ઉંચાઇ પરથી નીચે પડી જતા કૈલાસભાઈને માથામાં તથા શરીરે ગંભીર ઇજા થતા તેમનું સારવાર દરમ્યાન મૃત્યુ નિપજ્યું હતું. હાલ વાંકાનેર તાલુકા પોલીસે અ.મોતની નોંધ કરી આગળની ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબીમાં રીક્ષામાં બેસાડી ઉલ્ટી ઉબકાના બહાને ખેડૂતનું ખીસ્સુ હળવું કરનાર મહિલા સહિત બે ઝડપાયા

## પોલીસે લૂંટ કરતી રિક્ષાગેંગના બે સાગરીતો પાસેથી રોકડા ૫૦ હજાર, રીક્ષા તથા એક મોબાઈલ સહિત ૧.૨૫ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી એલસીબી/પેરોલ સ્કવોડ દ્વારા લૂટ કરતી રીક્ષા ગેંગના રાજકોટના એક મહિલા સહિત બે શખ્સોને દબોચી લઇ ઉલ્ટી ઉબકા કરવાને બહાને ખેડૂતના પેન્ટના ખિસ્સામાંથી ૫૦ હજાર રોકડા સેરવી લેવાની ચોરીનો ભેદ ઉકેલ્યો છે. આ સાથે લૂટ ચલાવતી રીક્ષા ગેંગના અન્ય બે સાગરીતોની અટક કરવા તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી અનુસાર મોરબીના માર્કેટિંગ યાર્ડમાં જીરુંની ઉપજના વેચાણથી આવેલ રૂ. ૫૦ હજાર લઇને મૂળ મધ્યપ્રદેશના હાલ મોરબી તાલુકાના કૃષ્ણનગર રહેતા ગણપતભાઈ હજારીયા નામના ખેડૂત માર્કેટિંગ યાર્ડ પાસે રીક્ષાની રાહ જોઈ ઊભા હતા ત્યારે એક સીએનજી રીક્ષામાં બેઠા હતા ત્યારે મુસાફરના સ્વાંગમાં રીક્ષામાં પહેલેથી બેસેલ એક મહિલા સહિત ત્રણ લૂટ કરતી





ગેંગના સાગરીતો કે જેમા મહિલાએ ઉલ્ટી ઉબકાના બહાને ગણપતભાઈ ના પેન્ટના ખિસ્સામાંથી ૫૦ હજાર રોકડા સેરવી લીધા હતા. જે બનાવ બાબતે ભોગ બનનાર ખેડૂત દ્વારા એ ડિવિઝન પોલીસ મથકમાં રીક્ષા ચાલક સહિત ચાર આરોપીઓ વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી હતી.

ઉપરોક્ત બનાવની ફરિયાદને આધારે મોરબી એલસીબી/ પેરોલ સ્કવોડ લુટારુ રીક્ષા ગેંગને ઝડપી લેવા અલગ અલગ ટીમ બનાવી તપાસ શરૂ કરી હતી. તે દરમિયાન બનાવ સ્થળની આજુબાજુમાં લગાવવામાં આવેલ નેત્રમ પ્રોજેકટના સી.સી.ટી.વી. ચેક કરી, તેમજ અગાઉ આવા પ્રકારના ગુનાઓમાં પકડાયેલ આરોપીઓને ચેક કરવા અંગેની કામગીરી શરૂ કરી હતી. સોપવામાં આવેલ હતી. ત્યારે ગઈકાલ તા.૨૭ જૂનના રોજ પેરોલ ફર્લો સ્કોડ તથા એલસીબી ટીમ પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન મળેલ હકિકત આધારે સી.એન.જી.રીક્ષા નંબર-જીજે ૦૩ બીએક્સ ૬૧૮૬ માં એક સ્ત્રી તથા રીક્ષા ચાલકને મોરબી નવા બસ સ્ટેન્ડ ખાતેથી હસ્તગત કરવામાં આવ્યા હતા. જે બંનેની સઘન પૂછતાછમાં અન્ય બે સાગરીતો સાથે મળી ચોરી કર્યા અંગેની કબૂલાત આપતા આરોપી રીક્ષા ચાલક ઇરફાનભાઇ મહમદભાઇ અબુમીયા બુખારી ઉવ.૨૪ રહે.હાલ રાજકોટ બરકાતીનગર તા.જી.રાજકોટ મુળ ગામ જામનગર દરબારગઢ પટણીવાસ તથા મહિલા આરોપી કાંતાબેન હરીભાઇ કેશાભાઇ ડાભી ઉવ.૬૫ રહે.રાજકોટ ગ્રીનલેન્ડ ચોકડી પાસે માલધારી સોસાયટી શેરી નં-૦૪ મુળ અમદાવાદ જુના વાડજ મેલડી માતાજીના મંદીર પાસે જી.અમદાવાદ ની અટકાયત કરી હતી. આ સાથે બંને આરોપીઓ પાસેથી લૂટ કરેલ રોકડા ૫૦ હજાર તથા સીએનજી રીક્ષા તેમજ એક મોબાઇલ સહિત કુલ રૂ.૧,૨૫,૦૦૦/- નો મુદામાલ હસ્તગત કર્યો હતો.

જ્યારે લૂટ કરતી રીક્ષા ગેંગના અન્ય બે સાગરીતો આરોપી ગયઢો ઉર્ફે ગઢો હરીભાઈ ડાભી રહે. રાજકોટ ગ્રીનલેન્ડ ચોકડી પાસે માલધારી સોસાયટી તથા કીશનભાઇ મગનભાઇ પાંભણીયા રહે. રાજકોટ ગ્રીનલેન્ડ ચોકડી પાસે શીવનગર શેરી નં-૦૨ ના નામ ખુલતા તેને પકડી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે. હાલ મોરબી સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં ચારેય આરોપીઓ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# મોરબીના બંધુનગર નજીક ટ્રક હડફેટે બાઈક સવાર માતા-પુત્ર ઈજાગ્રસ્ત

**મુખ્ય સમાચાર, મોરબી**

કારખાનેથી ઘરે બાઈક ઉપર આવી રહેલ માતા-પુત્રને મોરબી તાલુકાના બંધૂનગર ગામ નજીક અકસ્માત નડ્યો હતો જેમાં રોડ ઉપર આગળ જતા ટ્રકે અચાનક વળાંક લઈ બાઈક સાથે ટ્રક અથડાવતાં બાઈક સવાર બંને માતા પુત્ર રોડ ઉપર પટકાયા હતા. જેમાં બાઈક ચાલક મહિલાને શરીરે છોલછાલ જેવી ઈજાઓ પહોંચી હતી જ્યારે બાઈકની પાછળ બેઠેલ મહિલાના પુત્રને પગના ભાગે ફ્રેકચર જેવી ઈજાઓ પહોંચી હતી. અક્સ્માત બાદ ટ્રક ચાલક પોતાનો ટ્રક સાઈડમાં પાર્ક કરી ભાગી છૂટયો હતો.

અકસ્માતના બનાવની મળતી વિગતો મુજબ ગત તા ૧૮/૦૬ના રોજ બપોરના અઢી વાગ્યાની આસપાસ મોરબીના સામાકાંઠા વિસ્તારમાં આવેલ નવા સેવા સદન પાછળ ધર્મસિદ્ધિ સોસાયટીમાં રહેતા ઉષાબેન ભુપતભાઇ ભીખાભાઇ વહાણેશીયા ઉવ.૪૩ અને તેનો પુત્ર ધ્રુવ બજાજ કંપનીનું પ્લેટીના બાઈક રજી. જીજે ૩૬ કે ૨૫૦૬ લઇને કરખાનેથી ઘરે જતા હોય તે દરમિયાન બંધુનગર ગામ નજીક આવેલ ચામુંડા હોટલ સામે હાઇવે રોડ ઉપર આગળ જતા ટ્રક રજી. જીજે ૧૨ એયુ ૭૦૩૩ના ચાલકે પોતાનો ટ્રક ફૂલ સ્પીડમાં ચલાવી આગળ પાછળ જોયા વગર અચાનક વળાંક લઈ લેતા ઉષાબેનના બાઈકને હડફેટે લેતા ઉષાબેન અને તેમની પુત્ર ધ્રુવ રોડ ઉપર પડી ગયા હતા. જેમાં ઉષાબેન ને શરીરે સામાન્ય ઈજાઓ પહોંચી હતી જ્યારે તેમના દીકરાને પગમાં સાથળના ભાગમાં ફ્રેકચર જેવી ગંભીર ઈજાઓ પહોંચી હતી અક્સ્માત સર્જી ટ્રક ચાલક પોતાની ટ્રક સાઈડમાં પાર્ક કરું છું તેમ કહી સાઈડમાં પાર્ક કરી ટ્રક ચાલક સ્થળ ઉપરથી નાસી ગયો હતો.

# રંગમતી પાર્કમાં મકાનમાં થયેલી ચોરીનો ભેદ ઉકેલાયોઃ મુદ્દામાલ સાથે આરોપી ઝડપાયો


**મુખ્ય સમાચાર, જામનગર**



જામનગરના રંગમતી પાર્કમાં આવેલા એક મકાનમાં ચોરી થઈ હતી. તિજોરીમાંથી રૂ. ૧૫ હજાર રોકડા અને સોનાની બે વીંટી ગઈ હતી. પોલીસે શરૂ કરેલી તપાસમાં આ જ મકાનમાં ફર્નિચરનું કામ કરવા આવેલા શખ્સે ચોરી કર્યાનું ખૂલ્યું છે. આરોપીની મુદ્દામાલ સાથે ધરપકડ કરાઈ છે.જામનગરમાં ગુલાબનગર રોડ પર આવેલા રાજપાર્ક નજીક રંગમતી પાર્કમાં રહેતા મિલાપ ચેતનભાઈ ચૌહાણ નામના આસામીના મકાનમાં ગઈ તા.૧૬થી તા.૨૨ જુન વચ્ચે ચોરી થઈ હતી. તસ્કરે મકાનમાં રહેલી તિજોરી ચાવી વડે ખોલી નાખી અંદરથી રૂ. ૧૫ હજાર રોકડા અને સોનાની અડધા તોલાની બે વીટી ચોરી કરી લીધી હતી.આ બાબતની મિલાપ ભાઈએ સિટી બી ડિવિઝનમાં ફરિયાદ નોંધાવ્યા પછી શરૂ થયેલી તપાસમાં તેમના જ મકાનમાં મિસ્ત્રી કામ કરવા આવતા નિલકમલ સોસાયટી વાળા જમન જેરામભાઈ રાઠોડ નામના શખ્સની અટકાયત કરી પૂછપરછ કરાતા તેણે ચોરીની કબૂલાત આપી છે. પોલીસે મુદ્દામાલ કબજે કરી જમન રાઠોડની ધરપકડ કરી છે.

# જામનગર શહેર તેમજ ઓખામંડળમાં ઝડપી લેવાઈ રૂ. ૪૫ લાખની વીજચોરી





**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરની પીજીવીસીએલ કચેરીની ૪૨ ટૂકડીએ જામનગર શહેર તથા દ્વારકા અને ઓખામંડળમાં વીજ ચેકીંગ હાથ ધરી રૂ. ૪૫ લાખની વીજચોરી પકડી પાડી છે. રૂ. ૧ કરોડ ઉપરાંતની બંને જિલ્લામાંથી વીજચોરી મળી આવી છે.જામનગરની સ્થાનિક પીજીવીસીએલ કચેરી દ્વારા શરૂ કરવામાં આવેલી વીજચોરી પકડવા માટેની ડ્રાઈવમાં જામનગર શહેરના નિલકમલ સોસાયટી, ધરારનગર, સુભાષ બ્રિજ, કાલાવડ નાકા, સુભાષ શાક માર્કેટ તથા બેડી અને બેડેશ્વર વિસ્તારમાં ચેકીંગ કરવામાં આવ્યું હતું.

તે ઉપરાંત દ્વારકા શહેર અને ઓખામંડળના જુદા જુદા ગામોમાં પણ વીજ ચેકીંગ હાથ ધરાયું હતું. સ્થાનિક અધિકારીઓની બનેલી ૪૨ ટૂકડીઓએ દરમિયાન ૪૭૩ વીજજોડાણ ચકાસ્યા હતા. જેમાંથી ૯૩ જોડાણમાં ગેરરીતિ મળી આવી હતી. તેના ધારકોને રૂ. ૪૫ લાખના પુરવણી બીલ ફટકારવામાં આવ્યા છે. ચેકીંગ ટીમ સાથે સ્થાનિક પોલીસના ૧૮ જવાન અને એસઆરપીના ૧૮ જવાન બંદોબસ્તમાં જોડવામાં આવ્યા હતા.બે દિવસના વીજ ચેકીંગમાં જામનગર તથા દ્વારકા જિલ્લામાંથી રૂ. ૧ કરોડ ૫ લાખ ઉપરાંતની વીજચોરી મળી આવી છે.

# ગુજરાત રાજ્ય ચોથા વર્ગ કર્મચારી મંડળના પ્રમુખ તરીકે જામનગરના વતની અનિલભાઈ બાબરિયાની વરણી

**મુખ્ય સમાચાર, જામનગર**

તાજેતરમાં ગાંધીનગર મધ્યે ગુજરાત રાજ્યના તમામ જિલ્લાઓના વર્ગ-૪ના પ્રમુખ-મંત્રીઓની સામાન્ય સભા મળેલ હતી. જેમાં ઓલ-ઇન્ડિયા ચોથા વર્ગ કર્મચારી મંડળના હોદ્દેદારો દ્વારા દ્વારકા મધ્યે યોજાયેલ મિટીંગમાં ગુજરાત રાજ્ય ચોથા વર્ગ કર્મચારી મંડળના પ્રમુખ તરીકે અનિલભાઈ બાબરિયાની વરણી કરવામાં આવેલ હતી તેની તાજેતરમાં ગાંધીનગર મધ્યે યોજાયેલ મિટીંગમાં



ગુજરાતના અલગ-અલગ જિલ્લાના પ્રમુખ-મંત્રી ઓ દ્વારા બહાલી આપવામાં આવેલ હતી ગાંધીનગર મધ્યે મળેલ આ મિટીંગમાં કર્મચારી અગ્રણી વિષ્ણુભાઇ પટેલ મંડળના આમંત્રણને માન આપી ખાસ ઉપસ્થિત રહ્યા હતા તથા ગુજરાત રાજ્યના મોટા ભાગના જિલ્લાઓના પ્રમુખ-મંત્રીઓ પણ આ મિટીંગમાં હાજર રહ્યા હતા અનિલભાઈ બાબરિયાની રાજ્યકક્ષાએ થયેલ પ્રમુખ તરીકેની વરણી થયેલ છે

# મોરબી પોલીસ દ્વારા વ્યાજખોરી ડામવા જનસંપર્ક સભા કાર્યક્રમ યોજાયો








**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી પોલીસ દ્વારા વ્યાજ ખોરી ડામવા માટે જન સંપર્ક સભા કાર્યક્રમ કરવામાં આવ્યો હતો જેમાં મોરબી હળવદ વાંકાનેર ટંકારા માળિયા સહિતના લોકોએ હાજરી આપી હતી અને પોલીસ દ્વારા લોન લેનાર લાભાર્થીઓને ચેક વિતરણ કરવામાં આવ્યું.

મોરબી જિલ્લા પોલીસ વડા રાહુલ ત્રિપાઠી દ્વારા વ્યાજખોરો ને ડામવા આજે મોરબી પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે જનસંપર્ક સભા કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું હતું આ કાર્યક્રમ માં મોરબી,માળિયા,હળવદ, વાંકાનેર,ટંકારા સહિતના વિસ્તાર ના વેપારીઓ અને આગેવાનો હાજર રહ્યા હતા આ કાર્યક્રમ દરમ્યાન મોરબી ની સરકારી અને પ્રાઇવેટ બેંકના બેંક મેનેજર હાજર રહ્યા હતા આ કાર્યક્રમ માં કોઈને વ્યાજખોરો સામે જો ફરિયાદ હોય તો જુદા જુદા પોલીસ મથકના અધિકારીઓ પણ સ્થળ પર હાજર રહી પોલીસ મથકના જે તે વિસ્તારના કેમ્પ ઊભા કરવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમ દરમ્યાન લોન લેનાર લાભાર્થીઓને જુદી જુદી બેંકના કુલ સવા કરોડ થી વધુ ના ચેક વિતરણ કરવામાં આવ્યા હતા એટલું જ નહિ મોરબી એસપી રાહુલ ત્રિપાઠી દ્વારા જણાવવામાં આવ્યું હતું કે આજ દિન સુધી જુદી જુદી કુલ ૫૦ ફરિયાદો વ્યાજખોરો સામે નોંધવામાં આવી છે જેમાં ૧૪૦ જેટલા વ્યાજખોરો ની ચુંગલ માંથી લોકોને છોડાવ્યા છે ત્યારે આજે પણ જે લોકો આવા કોઈ પણ ગુના કરતા ઈસમો સામે બંડ પોકારશે ત્યારે પોલીસ તેની મદદ માટે હંમેશા તૈયાર રહેશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો આ ઉપરાંત જે લોકો આવી કોઈ માહિતી આપશે તેનું નામ પણ ગુપ્ત રાખવા મોરબી એસપી રાહુલ ત્રિપાઠી દ્વારા જણાવવામાં આવ્યું છે આ બાદ મોરબી પોલીસ દ્વારા જુદા જુદા કેમ્પ ની મુલાકાત લઈ અને જરૂરિયાત મંદ વ્યકિતઓને લોન માટે પણ ભલામણ મોરબી એસપી દ્વારા કરવામાં આવી હતી.

# જામનગરની આનંદ કોલોનીમાં નિવૃત્ત પોલીસ કર્મચારીના મકાનમાં ચોરી

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરની આનંદ કોલોનીમાં નિવૃત્ત પોલીસ કર્મચારીના મકાનમાં બારેક દિવસ પહેલાં ચોરી થઈ છે. કબાટમાં રહેલું લોકર તસ્કરે ચાવી વડે ખોલી નાખી તેમાંથી સાતેક તોલાના સોનાના દાગીના અને રૂ. ૨૧ હજાર રોકડા ચોરી કર્યા છે. પોલીસે ગુન્હો નોંધી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.જામનગરના પટેલકોલોની વિસ્તારની શેરી નં.૫માં આનંદ કોલોની નજીક આશીર્વાદ નામના મકાનમાં રહેતા અને અગાઉ પોલીસતંત્રમાં ફરજ બજાવી નિવૃત્ત થયેલા રૂપચંદ એન. વર્મા (ઉ.વ.૮૦)એ પોતાના ઘરમાં ગઈ



તા.૧૨ની સવારથી તા.૧૪ની સવાર સુધીમાં ચોરી થઈ ગયાની ફરિયાદ પોલીસમાં કરી છે.તેઓએ ફરિયાદમાં જણાવ્યા મુજબ તેઓ પોતાના મકાનમાં એકલા રહે છે. મકાનમાં એક કબાટમાં તેઓએ સોનાનો ચેન, લક્કી, પેંડલ, વીટી અને રૂ. ૨૧ હજાર રોકડા રાખ્યા હતા. તે લોખંડના કબાટને ખોલી નાખી તેમાં રહેલી ચાવીથી અંદર લોકર ખોલી કોઈ તસ્કર સવા ત્રણ તોલાનો પેંડલ સાથેનો સોનાનો ચેઈન, ૩૦ ગ્રામ વજનની સોનાની લક્કી, ૧૦ ગ્રામની સોનાની વીટી અને રૂ. ૨૧ હજાર રોકડા તસ્કરે સેરવી લીધા છે.ઉપરોક્ત કુલ રૂ. ૧ લાખ ૬૬ હજારની મત્તાની ચોરી અંગે પોલીસે અજાણ્યા તસ્કર સામે આઈપીસી ૩૮૦ હેઠળ ગુન્હો નોંધ્યો છે. ઉલ્લેખનીય છે કે, જેમના ઘરમાં ચોરી થઈ છે તેઓ પોલીસમાં નોકરી કરી ચૂક્યા છે અને હાલમાં તેમના બે પુત્ર પણ પોલીસતંત્રમાં ફરજ બજાવી રહ્યા છે.

# જામનગર જિલ્લામાંથી કોલેરા રોગને નાબુદ કરવા એમ.પી.શાહ સરકારી મેડીકલ કોલેજ દ્વારા ૫૦૦ થી વધુ આરોગ્ય કર્મીઓને તાલીમબદ્ધ કરાયા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર એમ.પી.શાહ સરકારી મેડીકલ કોલેજ જામનગર દ્વારા જિલ્લામાંથી કોલેરા રોગને નાબુદ કરવા તથા કોઈપણ પરીસ્થિતિને પહોંચી વળવા અંદાજે ૫૦૦થી વધુ આરોગ્ય કર્મીઓને તાલીમબદ્ધ કરવામાં આવ્યા હતા.જેમાં સંસ્થા ખાતેના તમામ ફેકલ્ટી, ટ્યુટર, એસ.આર, રેસિડન્ટ ડોકટર, મેડિકલ ઓફિસર, નર્સિંગ સ્ટાફ, મહાનગરપાલીકાનો તમામ તબીબી સ્ટાફ વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

સંસ્થાના પ્રોફેસર અને મેડિસન વિભાગના વડા ડો.મનીષ મહેતા, અધિક







ડીન અને નોડલ ઓફિસર ડો.એસ.એસ.ચેટરજી, એસો.પ્રોફેસર-મેડિસન અને નોડલ ઓફિસર ડો.બી.આઈ.ગોસ્વામી, બાળ રોગ નિષ્ણાંત ડો.નમ્રતા મકવાણા, લેબોરેટરી નિષ્ણાંત ડો.પુષ્પા કટેસિયા, પી.એસ.એમ. વિભાગ નિષ્ણાંત ડો.કપિલ ગંધા, બાળ રોગ વિભાગના વડા ડો.ભદ્રેશ વ્યાસ વગેરેએ તાલીમાર્થીઓને કોલેરા વિશે વિગતવાર માહિતી આપી હતી. જામનગર મહાનગરપાલીકાના એમ.ઓ.એચ. ડો.ગોરી તથા તેમની ટીમ તથા જિલ્લા પંચાયતમાંથી ઉજ્વની ટીમ સાથે તાલીમ દરમિયાન હાજર રહ્યા હતા. તથા તેઓ દ્વારા કોલેરા અંગે કરવામાં આવતી કામગીરી વિશે તમામને માહિતી આપી હતી.

# વાંકાનેરના મેસરીયા ગામ નજીક હિટ એન્ડ રન કેસમાં ટ્રકની ઠોકરે રસ્તો ઓળંગતી મહિલાનું સારવારમાં મૃત્યુ

**મુખ્ય સમાચાર, મોરબી**

વાંકાનેરના મેસરીયા ગામના બોર્ડથી આગળ નેશનલ હાઇવે ઉપર રોડની કટ પાસે રસ્તો ઓળંગી રહેલ મૂળ ગોધરાની હાલ વાંકાનેર તાલુકાના રંગપર ગામે ખરાબાની જમીનમાં ઝૂપડામાં રહેતી ૫૦ વર્ષીય મહિલાને અજાણ્યા ટ્રકે હડફેટે લઈ શરીરે તથા માથામાં ગંભીર ઈજાઓ પહોંચી હતી બનાવ બાદ અજાણ્યો ટ્રક ચાલક પોતાનો ટ્રક સ્થળ ઉપરથી લઇ નાસી ગયો હતો. ત્યારે ઇજાગ્રસ્ત મહિલાને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવી હતી જ્યાં તેમનું ટૂંકી સારવારમાં મોત નિપજ્યું હતું. હાલ મૃતકની ફરિયાદ પરથી પોલીસે અજાણ્યા ટ્રક ચાલક વિરૂદ્ધ ગુનો દાખલ કરી આગળની વધુ તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર મૂળ પંચમહાલ જીલ્લાના ગોધરા ગામની વતની હાલ વાંકાનેર તાલુકાના રંગપર ગામે સોમનાથ હોટલ સામે ખરાબાની જમીનમાં ઝૂપડામાં રહેતી ધનુબેન ભીખાભાઈ બારૈયા ઉવ.૫૦ એ વાકાંનેર તાલુકા પોલીસ મથકમાં અજાણ્યા ટ્રક ચાલક આરોપી સામે ફરિયાદ નોંધાવી જે ગત તા. ૨૩/૦૬ ના રોજ મેસરીયા ગામના પાટીયાથી આગળ ભલગામ તરફ જવાના રસ્તે ને.હા રોડ ઉપર આવેલ કટ પાસેથી મૃતક ધનુબેન રસ્તો ઓળંગી રહ્યા હતા ત્યારે વાંકાનેર બાજુથી ફુલ સ્પીડથી અને બેદરાકારીથી આવતા એક અજાણ્યા ટ્રક ચાલકે ફરીયાદી ધનુબેનને હડફેટે લેતા માથામાં, પગમાં તેમજ શરીરના ભાગે ગંભીર ઈજાઓ પોહચાડતા સારવારમાં ખસેડવામાં આવતા જ્યાં તેમનું મૃત્યુ નિપજ્યું હતું. અક્સ્માત સર્જી અજાણ્યો ટ્રકની ચાલક પોતાનો ટ્રક લઇ નાસી ગયો હતો, ત્યારે પોલીસે હિટ એન્ડ રનના બનાવ અંગે અજાણ્યા ટ્રક ચાલક વિરૂદ્ધ ગુનો દાખલ કરી આગળની તપાસની તજવીજ શરૂ કરી છે.

# મોરબીના પાનેલી ગામે ઘર સામે કચરો નાખવા બાબતે બે પાડોશી પરિવાર વચ્ચે શસસ્ત્ર ધીંગાણું,સામસામી ફરિયાદ નોંધાઈ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના પાનેલી ગામે બે પાડોશી પરિવાર વચ્ચે ઘર સામે કચરો વાળવા તથા માલઢોરનો પોદળો લેવા જેવી નજીવી બાબતે બોલાચાલી બાદ ઝઘડો થતા બંને પરિવાર સામસામે ધોકા, પાઇપ, કુહાડી, કોસ જેવા હથિયારો સાથે એકબીજા ઉપર તૂટી પડ્યા હતા. જેમાં બંને પરિવારના પાંચ મહિલા સહિત ૧૨ સભ્યોને ફ્રેક્ચર જેવી ઈજાઓ પહોંચી હતી. ત્યારે બંને પક્ષોએ મોરબી તાલુકા પોલીસ મથકમાં સામસામી ફરિયાદ નોંધાવી હતી. હાલ પોલીસે કુલ ચાર મહિલા સહિત ૧૨ આરોપીઓ સામે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રથમ પક્ષ દ્વારા નોંધાયેલ ફરિયાદ મુજબ મોરબી તાલુકાના પાનેલી ગામે ગોપાલ સોસાયટીમાં રહેતા ફરિયાદી જીતેન્દ્રભાઇ શાંતિલાલ કંજારીયા ઉવ.૩૦ એ આરોપી સહદેવભાઇ ભાણજીભાઇ કંજારીયા, (૨)ધરમશીભાઇ ભાણજીભાઇ કંજારીયા, (૩)નીમુબેન સહદેવભાઇ ભાણજીભાઇ કંજારીયા, (૪)નીમુબેન ધરમશીભાઇ ભાણજીભાઇ કંજારીયા બધા રહે. ગોપાલ સોસાયટી પાનેલી ગામ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી કે આરોપીઓએ ફરિયાદી જીતેન્દ્રભાઈના બા ગૌરીબેન સાથે આરોપી નીમુબેન ધરમશીભાઈ તથા તેના ઘરના બીજા બૈરાઓએ ગઇ તા. ૨૫ જૂન ૨૦૨૪ ના રોજ પોતાના મકાનની પાછળની શેરીમાં પોતાના મકાન સામે કચરો વાળવા તથા પોદળો લેવા માટે બોલાચાલી ઝઘડો થયેલ હોય જેથી ફરીયાદી જીતેન્દ્રભાઈ તથા તેના પરિવારના સભ્યો આરોપીઓના ઘરે સમજાવવા માટે ગયા હતા જે બાબતે આરોપીઓને સારું નહિ લાગતા તમામ આરોપીઓ એકદમ ઉશ્કેરાઇ જઇ ફરિયાદી તથા તેના પરિવારના સભ્યોને લોખંડના પાઇપ, લાકડીઓ, લોખંડની કુહાડી તથા છુટા પથ્થરના ઘા કરી માથામાં શરીરે મૂઢમાર તથા ફ્રેકચર જેવી ઈજાઓ પહોંચાડી એક સંપ કરી ગુનો કરવામાં એકબીજાની મદદ કર્યા અંગેની ફરિયાદ નોંધાવી હતી.

જ્યારે સામાપક્ષે પાનેલી ગામની ગોપાલ સોસાયટીમાં રહેતા સહદેવભાઇ ભાણજીભાઇ કંજારીયા ઉવ.૩૬ એ કુલ ૮ આરોપીઓ સામે મોરબી તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધી હતી, જેમાં આરોપીઓ (૧)ગૌરીબેન ઉર્ફે ભુરીબેન શાંતીલાલ, (૨)જીતેન્દ્રભાઇ શાંતીલાલ (૩)વર્ષાબેન શાંતીલાલ, (૪)ગૌતમભાઇ લખમણભાઇ કંજારીયા, (૫)જયેશભાઇ શાંતીલાલ કંજારીયા, (૬)અરવિંદભાઇ લખમણભાઇ કંજારીયા, (૭)શાંતીલાલ ડુંગરભાઇ, (૮)લખમણભાઇ ડુંગરભાઇ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી જાહેર કર્યું કે આરોપીઓ સહદેવભાઈના ઘરે પોદળો નાખી ગયેલ હોય જેથી સહદેવભાઈના પરિવારના વૈશાલીબેન ગત તા. ૨૫/૦૬ ના રાત્રીના ૯ વાગ્યાની આસપાસ આરોપીઓને કહેવા જતા આરોપીઓને સારું નહિ લાગતા ફરિયાદી સહદેવભાઇના ઘરે હથિયાર ધારણ કરી એક સંપ થઈ ગયા હતા જ્યાં ફરિયાદીને અને ઘરના સભ્યોને અપશબ્દો બોલી લોખંડની કોસ, લાકડાના ધોકા, લોખંડના પાઇપ જેવા જીવલેણ હથિયારો વડે હુમલો કરી બધા સભ્યોને માથામાં શરીરે કપાળના ભાગે આડેધડ ઘા મારવામાં આવ્યા હતા જેમાં તમામને મુંઢ ઈજાઓ તથા માથામાં તથા હાથમાં ફ્રેકચર જેવી ઈજાઓ પહોંચી હતી. જે મુજબની ફરિયાદ નોંધાવી હતી.

હાલ સામસામી ફરિયાદના આધારે તાલુકા પોલીસે કુલ ૧૨ આરોપીઓ સામે ગુનો નોંધવામાં આવ્યો છે, ત્યારે તમામ આરોપીઓની અટકાયત કરવા સહીતની કાર્યવાહી હાથ ધરી છે.

# સોશ્યલ મિડિયામાં મહિલા કંડકટરનો વિડિયો વાયરલ કરનારને ૧૮૧ની ટીમે કાયદાનું ભાન કરાવ્યું

## યુવાને ઈન્સ્ટાગ્રામમાં ફોલોઅર્સ વધારવા ૧૫ દીમાં બે વીડિયો અપલોડ કર્યા કંડક્ટરે પોતાની સૂઝબૂઝથી વીડિયોમાં દેખાતા બેગના આધારે યુવકને પકડી પાડ્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સોશિયલ મીડિયામાં ફેમસ થવા યુવાધન જીવના જોખમે સ્ટંટ કરતા જોવા મળી રહ્યા છે. ત્યારે ગોંડલ પંથકમાં રહેતા અને અપ-ડાઉન કરતા યુવકે ઈન્સ્ટાગ્રામમાં ફોલોઅર્સ વધારવા એસટી બસના મહિલા કંડકટરના છુપી રીતે વિડીયો બનાવી ઈન્સ્ટાગ્રામમાં અપલોડ કર્યાની ઘટના પ્રકાશમાં આવતા ટીમ અભયમે યુવકને કાયદાનું ભાન કરાવી ઈન્સ્ટાગ્રામમાંથી વિડીયો દૂર કરાવ્યા હતા




આ ઘટના અંગે જાણવા મળતી વિગત મુજબ ગોંડલ પંથકમાં એસટી બસમાં કંડકટર તરીકે ફરજ બજાવતા મહિલાનો અપડાઉન કરતા મુસાફર યુવાને છુપી રીતે વિડીયો બનાવી પોતાના ફોલોઅર્સ વધારવા ૧૫ દિવસમાં બે વિડિયો ઈન્સ્ટાગ્રામમાં અપલોડ કર્યા હતા. મહિલા કંડકટરને પોતાના વિડીયો સોશિયલ મીડિયા મારફતે ઈન્સ્ટાગ્રામમાં ફરતા હોવાની જાણ થતા મહિલા કંડકટરે છુપી રીતે વિડિયો બનાવી વાયરલ કરનારને ઝડપી લેવા મન મક્કમ કરી લીધું '' સલિલા કંઇટબેઝથી વીડિયોમાં હતું. મહિલા કંડકટરે દેખાતા યુવકના બેગના આધારે છુપી રીતે વિડીયો બનાવી ઈન્સ્ટાગ્રામમાં વિડિયો અપલોડ કરનાર યુવકને પકડી પાડયો હતો. અને આ ઘટના અંગે ૧૮૧ મહિલા હેલ્પલાઇનની ટીમમાં મદદ માટે કોલ કર્યો હતો. જાણ થતા જ ગોંડલ ખાતે કાર્યરત ૧૮૧ મહિલા હેલ્પલાઈનના કાઉન્સેલર મનિષા પરમાર, એએસઆઈ પરવાનાબેન અને પાયલોટ લક્ષ્મણભાઈ કોડીયાતર તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગયા હતા. જ્યાં ૧૮૧ મહિલા હેલ્પલાઈનની ટીમ દ્વારા મહિલા કંડકટરનું કાઉન્સેલિંગ કરતા તેમણે જણાવ્યું હતું કે એસટી બસમાં અપ- ડાઉન કરતા યુવાને પોતાના ફોલોઅર્સ વધારવા છુપી રીતે એસટી બસમાં ચાલુ ફરજમાં રહેલા મહિલા કંડકરના ૧૫ દિવસમાં બે વીડિયો બનાવી ઈન્સ્ટાગ્રામમાં અપલોડ કર્યા હોવાનું જાણવા મળ્યું હતું. અભયમ દ્વારા મહિલા કંડકટરનો વિડીયો બનાવી ઈન્સ્ટાગ્રામમાં વાયરલ કરનાર યુવકને કાયદાકીય માહિતી આપી કાયદાનું ભાન કરાવ્યું હતું. યુવાને પોતાની ભૂલ સ્વીકારી અને ઈન્સ્ટાગ્રામમાંથી મહિલા કંડક્ટરના વિડીયો દૂર કર્યા હતા. પરંતુ મહિલા કંડક્ટર યુવક યુવકે માફી માંગતા તેની સામે કોઈ કાનૂની કાર્યવાહી નહીં કરવા જણાવ્યું હતું અને મહિલા કંડક્ટરે ટીમ અભયમની કામગીરી બિરદાવી આભાર વ્યક્ત કર્યો હતો.

# સોમનાથ સોસાયટીમાં ૪૦ કિલો ગાંજા સાથે ત્રણ પરપ્રાંતિય શખ્સોની ધરપકડ

## એસઓજીની ટીમે બાતમીના આધારે દરોડો પાડી રૂ.૪.૧૭ લાખનો મુદ્દામાલ કબજે ર્ક્યો

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરની ભાગોળે કોઠારિયા રોડ પર રણુજા મંદિર પાછળ આવેલી સોમનાથ સોસાયટીમાં એસઓજીની ટીમે દરોડો પાડી ૪૦ કિલો ગાંજાના જથ્થા સાથે ત્રણ શખ્સોની ધરપકડ કરી રૂ.૪.૧૭ લાખનો મુદ્દામાલ કબ્જે ર્ક્યો છે.



આ અંગેની માહિતી મુજબ શહેરમાં યુવા ધન નશાના રવાડે ના ચડે અને માદક પદાર્થોનું વેંચાણ કરતા શખ્સો સામે કડક કાર્યવાહી કરવાની સુચનાના પગલે એસઓજીના પીઆઈ જે.એમ.કૈલાના માર્ગદર્શન હેઠળ હેડ કોન્સ્ટેબલ ઉપેનસિંહ, કોન્સ્ટેબલ વિરદેવસિંહ સહિતનો સ્ટાફ કોઠારિયા રોડ પર પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન ચોક્કસ બાતમીના આધારે રણુજા મંદિર પાસે આવેલ જયસોમનાથ સોસાયટીમાં રહેતો વજેનાથ ભગવાનનાથ ગૌસ્વામીના મકાનમાં દરોડો પાડતા વજેનાથ ગૌસ્વામી તથા રાજસ્થાનનો બાબુલાલ ભારમલજી બીસ્નોય તથા આશુ શ્રીનારાયણ કુશવાહ સહિત ત્રણ શખ્સોની ધરપકડ કરી રૂ.૩.૯૫ લાખનો કિંમતનો ૪૦ કિલો ગાંજો તથા ત્રણ મોબાઈલ સહિત કુલ રૂ.૪.૧૭ લાખનો મુદ્દામાલ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે.

# જીવરાજ પાર્ક પાસે વ્રજવેલી એપાર્ટમેન્ટના પાર્કીંગની ઓરડીમાં ગેસનો બાટલો સળગ્યો

## ફાયરની ટીમો દોડી આવી આગ કાબુમાં લેતા દુર્ઘટના સહેજમાં ટળી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

જીવરાજ પાર્કમાં આવેલ વજભૂમિ એપાર્ટમેન્ટમાં ગેસ સિલિન્ડરમાં આગ લાગતા મોટી દુર્ઘટના સર્જાતા સ્હેજમાં અટકી હતી. પાર્કિંગની ઓરડીમાં પડેલું ગેસ સિલિન્ડર અચાનક સળગતા સ્થાનિક સ્તરેથી તેને બૂઝાવવા માટે પ્રયાસ થયો હતો પણ આગ કાબુમાં નહિ આવતા મવડી ફાયર સ્ટેશનને જાણ કરવામાં આવી હતી. મવડી ફાયર સ્ટાફે પહોંચીને આગને કાબુમાં લીધી હતી.

આગ જે સિલિન્ડરમાં લાગી હતી તે બેનંબરી હોવાથી ઢાંકપિછેડો કરવા માટે પ્રયાસો કરવામા આવ્યા હતા પણ આગ ઝડપથી પ્રસરવા લાગતા નાછુટકે ફાયર બ્રિગેડને બોલાવવામાં આવ્યાનું સૂત્રોએ કહ્યું હતું. ફાયર બ્રિગેડના કાર્યકારી ચીફ ઓફિસર ગઢવીએ કહ્યું હતું કે અમારી ટીમોએ આગને કાબુમાં લીધી છે અને અમે બિલ્ડસ સંજય ટાંકને કારણદર્શક નોટિસ ફટકારી છે અને આવી દુર્ઘટના ભવિષ્યમાં ન સર્જાય તે માટે બિલ્ડરને દરેક માળ ઉપર ફાયર એસ્ટીંગ્યુસર રાખવા તાકિદ કરી છે.

# સંજય વાટીકામાં બે મહિના પહેલાં રૂા.૧૩.૨૫ લાખની મતાની ચોરી કરનાર તસ્કર ઝડપાયો

## પુત્રની સગાઈ કરવા ગયેલા પરિવારના મકાનમાં બાકોરુ પાડી બે તસ્કરોએ રોકડ અને ઘરેણાનો હાથફેરો કર્યો'તો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

યુનિર્વસિટી રોડ પર આવેલા સંજયવાટીકા સોસાયટીમાં બે માસ પહેલાં બંધ મકાનની દિવાલમાં બાકોરુ પાડી રોકડ અને સોનાના ઘરેણા મળી ૧૩.૨૫ લાખની ચોરીના ગુન્હામાં સંડોવાયેલા વધુ એક તસ્કરને ક્રાઈમ બ્રાન્ચના સ્ટાફે ઝડપી લીધો છે. સંજયવાટીકમાં રહેતા શિતલબેન મનોજભાઈ સાણથરાના પુત્ર શુભમની સગાઇ પોરબંદર હોવાથી પરિવાર સાથે ગત તા.૮ એપ્રીલે પોરબંદર ગયા હતા.



બંધ મકાનની દિવાલમાં બાકોરું પાડી તસ્કરોએ તિજોરીમાંથી ૮૫ હજાર રોકડા અને સોનાના ઘરેણા મળી ૧૩.૨૫ લાખની ચોરી થયાની યુનિર્વસિટી પોલીસમાં ફરિયાદ નોંધાઈ હતી. ક્રાઈમ બ્રાન્ચના સ્ટાફે અગાઉ મધ્યપ્રદેશના અલીરાજપુર ગામના રાતમલીયા ગામના રામસીંગ કાલુસીંગ અજમાલની ધરપકડ કરી હતી. ત્યારે તેની સાથે ચોરીમાં મુળ મધ્યપ્રદેશના ધાર જિલ્લાના ભુતીયા ગામના વતની અને હાલ જામનગર રહેતા મહેન્દ્ર કુવરસીંગ મેહડા નામના શખ્સની સંડોવણી હોવાની કબુલાત આપી હતી. મહેન્દ્ર મેહડા માધાપર ચોકડી પાસે આવ્યાની બાતમીના આધારે ક્રાઈમ બ્રાન્ચના પી.આઈ. એમ.આર.ગોંડલીયા, પીએસ.આઇ. એમ. જે.હુણ, પ્રદિપસિંહ જાડેજા, કિરતસિંહ ઝાલા અને સંજયભાઈ રૂપાપરા સહિતના સ્ટાફે ધરપકડ કરી છે.

# સમન્વય સિલ્વર એપાર્ટમેન્ટમાં બેંક અધિકારીની પત્નીનો આપઘાત

## મહિલાએ ગૃહ કલેશના કારણે જીવન ટુંકાવી નાંખતા એકના એક પુત્રએ માતાની છત્રછાયા ગુમાવી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં સાધુવાસવાણી રોડ પર રહેતા અને આરડીસી બેંકના કર્મચારીની પત્નીએ પોતાના ઘરે ઝેરી દવા પી આપઘાત કરી લેતા તેના પરિવારમાં શોક છવાયો છે. બનાવને પગલે યુનિવર્સિટી પોલીસે તપાસ કરતા મહિલાએ ગૃહકંકાસથી કંટાળી પગલું ભરી લીધાનું પ્રાથમિક તપાસમાં બહાર આવતા પોલીસે વધુ કાર્યવાહી કરી હતી.

આ અંગેની માહિતી મુજબ સાધુવાસવાણી રોડ પર પાટીદાર ચોક પાસે સમન્વય સિલ્વર એપાર્ટમેન્ટમાં રહેતા અમિતાબેન ધર્મેશભાઈ કાસુંદ્રા (ઉ.૩૧)એ પોતાના ઘેર ઝેરી દવા પી જતા તેને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતા.જેનું સારવાર દરમિયાન મોત નીપજતા યુનિવર્સિટી પોલીસ મથકના પીએસઆઈ બગાભાઈ ભરવાડ સહિતે તપાસ હાથ ધરી હતી.

મૃતક મહિલાને સંતાનમાં એક અઢી વર્ષનો પુત્ર હોવાનું અને પતિ આરડીસી બેંકમાં નોકરી કરતા હોવાનું પરિવારે જણાવ્યું હતું. પોલીસની વધુ તપાસમાં કેટલાક સમયથી દંપતી વચ્ચે ઝઘડાઓ ચાલતા હોય બુધવારે સવારે પણ સામાન્ય ઝઘડો થયા બાદ પતિ નોકરી પર ગયા બાદ પત્નીએ પગલું ભરી લીધાનું બહાર આવતા મહિલાના સરધાર રહેતા માવતરને બોલાવી પોલીસે પૂછતાછ કરી વધુ કાર્યવાહી કરી હતી. પરિણિતા અને તેના પતિ વચ્ચે મનમેળ ન થતાં અવાર નવાર બોલાચાલી થતી મૃતક મહિલાને સંતાનમાં એક હોવાથી આપઘાત કર્યાની શંકા છે.

# જામનગર ટ્રાવેલ ઓપરેટર એસોસિએશને કલેક્ટરને આવેદન પાઠવ્યું

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર ટ્રાવેલ ઓપરેટર એસોસિએશને કલેક્ટરને આવેદન પાઠવ્યું જામનગરના એસટી વિભાગના અધિકારીઓ ચેકીંગના નામે દંડ કરતા હોવાના આક્ષેપ સાથે જામનગર ટ્રાવેલ ઓપરેટર એસોસિએશને કલેક્ટરને આવેદન પાઠવ્યું છે. જામનગર-ખંભાળિયા માર્ગ પર નાઘેડી પાસે





એસટી વિભાગના અધિકારી તથા સ્ટાફ દ્વારા કરવામાં આવી રહેલા સીઓ ચેકીંગ દરમિયાન ખાનગી ટ્રાવેલ્સના સંચાલક સાથે બોલાચાલી પછી એસટીના અધિકારી પર હુમલો થયાની પોલીસમાં ફરિયાદ કરવામાં આવી છે. જેની સામે ગુરૂવારે જામનગર ટ્રાવેલ ઓપરેટર એસોસિએશન દ્વારા જિલ્લા કલેક્ટરને આવેદન પાઠવવામાં આવ્યું હતું.જેમાં જણાવ્યાનુસાર એસટીના અધિકારી મહિનામાં દસ દિવસ બહાર વખત ચેકીંગના બહાને ખાનગી ટ્રાવેલ્સની બસોને પોલીસ અથવા આરટીઓ પાસે ડીટેઈન કરાવે છે. દર મહિને ખાનગી ટ્રાવેલ્સ સંચાલકો દ્વારા કરોડો રૂપિયા ટેક્સપેટે ચૂકવવામાં આવે છે. આમ છતાં ખાનગી ટ્રાવેલ્સ સંચાલકોને પરેશાનીનો ભોગ બનવું પડી રહ્યું છે. પરમીટ રેગ્યુલર કરવા બાબતે કોઈ કાર્યવાહી થતી નથી. તેથી પરમીટ રેગ્યુલર કરી આપવા પણ માગણી કરી છે.

# મેડિકલ ટેકનોલોજીમાં ભારતની છલાંગઃ મેરિલ દ્વારા ઘૂંટણના રિપ્લેસમેન્ટનો ક્રાંતિકારી રોબોટ 'મિસો (MISSO)' રજૂ કરાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ભારતના મેડિકલ ટેકનોલોજી ક્ષેત્રમાં થયેલી નવરત પ્રગતિના ભાગરૂપે, મેરિલ દ્વારા ગૌરવભેર મિસો (MISSO) રજૂ કરવામાં આવ્યો છે, જે ઓર્થોપેડિક સર્જરીના પરિદશ્યમાં પરિવર્તન લાવવા માટે સ્વદેશી રીતે વિકસાવવામાં આવેલો ઘૂંટણના રિપ્લેસમેન્ટનો રોબોટ સેટ છે. આ આવિષ્કારે અત્યાધુનિક ટેકનોલોજી રોબોટિક સર્જરીમાં નોંધપાત્ર છલાંગ લગાવી છે, જે નોંધપાત્ર પરિણામોનું વચન આપે છે અને મેડિકલ ઇનોવેશનમાં દેશના કૌશલ્યને પ્રદર્શિત કરે છે.

અદ્યતન ટેકનોલોજી સાથે વિકસિત અને બહુપ્રતિભા માટે રચાયેલો 'મિસો (MISSO)' રોબોટ અભૂતપૂર્વ ચોકસાઇ અને સુસંગતતા પૂરી પાડે છે. તેની અદ્યતન ક્ષમતાઓના કારણે ઓછામાં ઓછી આંતરિક શસ્ત્રક્રિયા દ્વારા સારવાર કરી શકાય છે, જેના કારણે દર્દીના સાજા થવાના સમયમાં નોંધપાત્ર ઘટાડો થાય છે અને દર્દીને વધુ સારા પરિણામો મળે છે. મેરિલ ખાતે ભારત અને ગ્લોબલ માર્કેટિંગ વડા શ્રી મનીષ દેશમુખે જણાવ્યું હતુંકે, મિસો (MISSO) રજૂ કરવાની મેરિલને ઘણી ખુશી છે, જે ભારતમાં રોબોટિક ઘૂંટણના રિપ્લેમેન્ટની સર્જરીને વ્યાપક બનાવવાનું સામર્થ્ય ધરાવે છે. છેલ્લાં ૨૦ થી ૨૫ વર્ષમાં ઓસ્ટિઓઆર્થરાઇટિસનો ફેલાવો લગભગ ૨૩ મિલિયનથી વધીને ૬૨ મિલિયન થઇ ગયો છે, જેના કારણે તે કાર્ડિયોવેસ્ક્યુલર બીમારી પછી બીજા ક્રમની સૌથી મોટી બીમારીની સ્થિતિ છે. ઘૂંટણના રિપ્લેસમેન્ટની સર્જરીની જરૂરિયાત અને તેને અપનાવવાની વચ્ચેના અંતરાયને રોબોટિક સર્જરીના વ્યાપક ઉપયોગ દ્વારા વધુ અસરકારક રીતે દૂર કરી શકાય છે. હાલમાં, ભારતમાં રોબોટિક સર્જરી પ્રક્રિયાઓનો ખર્ચ પરવડવો એ એક પડકાર છે. હોસ્પિટલો પણ ઇમ્પોર્ટ કરવામાં આવતી રોબોટિક સિસ્ટમ્સમાં રોકાણ કરવામાં ખચકાટ અનુભવે છે કારણ કે તેના માટે સર્જનો અને ઓટી સ્ટાફને તાલીમ આપવી જરૂરી છે અને સેવા-સંબંધિત વિનંતીઓનો ટર્નઅરાઉન્ડ સમય લાંબો છે. મિસો (ખઈજજ્ઞ)ની મદદથી, અમારો ઉદ્દેશ્ય તાલીમ અને સપોર્ટની ઇકોસિસ્ટમ તૈયાર કરીને સ્વદેશી રીતે પ્લેટફોર્મ પૂરું પાડવાનો છે જેથી આ પડકારોનો ઉકેલ લાવી શકાય, જેથી રોબોટિક સર્જરી માત્ર મહાનગરોમાં જ નહીં, પરંતુ ટીઅર ૨ અને ટીઅર ૩ શહેરોમાં પણ અત્યંત સુલભ થઈ જશે.

# અખિલ ભારતીય પત્રકાર સુરક્ષા સમિતિનાં રાષ્ટ્રીય અધ્યક્ષ જિજ્ઞેશ કાલાવડિયાનો આજે જન્મદિવસ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

અખિલ ભારતીય પત્રકાર સુરક્ષા સમિતિ નાં યશસ્વી રાષ્ટ્રીય અધ્યક્ષ અને અનેક સામાજિક - સેવાકીય સંસ્થાઓ સાથે જોડાયેલા પત્રકાર જગત નાં દિગ્ગજ એવા જિજ્ઞેશભાઈ કાલાવડિયા નો આજે જન્મદિવસ છે. ૨૮ જૂન,૨૦૨૪ નાં



રોજ યશસ્વી જીવન નાં ૪૭ વર્ષ પૂર્ણ કરનાર જિજ્ઞેશ કાલાવડિયા એ તેમનાં સંઘર્ષ મય જીવનમાં અનેક ક્ષેત્રે ખેડાણ કરી ને લાખો યુવાનો માટે પથ દર્શક ની ભૂમિકા નિભાવી છે. પત્રકાર સુરક્ષા કાનૂન ની માંગ સાથે દેશભર માં તેઓ પત્રકારો ની આર્થિક - સામાજિક અને શારીરિક સુરક્ષા હેતુ અભિયાન ચલાવી રહ્યા છે જે અંતર્ગત છત્તીસગઢ સરકારે પત્રકાર સુરક્ષા કાનૂન લાગુ કરેલ છે અને બીજા અનેક રાજ્યોમાં તે વિચારાધીન છે. તેઓએ દૈનિક લોક સમર્થન, હિન્દી દૈનિક લોક સ્વામી અને દૈનિક સૌરાષ્ટ્ર આસપાસ નાં તંત્રી તરીકે પત્રકાર જગતમાં ઇન્વેસ્ટીગેટીવ જર્નાલિઝમમાં નોંધપાત્ર કામગીરી કરેલી છે. લોક સમર્થન દૈનિક નાં માધ્યમ થી સૌરાષ્ટ્ર નાં અનેક કૌભાંડો તેઓએ ઊજાગર કર્યા છે. શહીદ ભગતસિંહ ની વિચારધારા ને વરેલા હોય તેઓ ''ભગતસિંહ ક્રાંતિ દળ'' અને ''ગુજરાત યુવા પરિષદ'' માધ્યમથી સતત યુવાનોમાં રાષ્ટ્રવાદી અને ક્રાંતિકારી વિચારધારા નાં પ્રચાર પ્રસાર નું કામ કરી રહ્યા છે. હાલમાં તેઓ રાજકોટ અને ગાંધીનગર થી પ્રસિદ્ધ થતાં દૈનિક ''ચક્રવાત'' નાં મેનેજિંગ તંત્રી અને રાજકોટ થી પ્રસિદ્ધ થતાં હિન્દી દૈનિક ''ન્યાય કા પ્રહરી'' માં એસોસિયેટ એડિટર તરીકે ફરજ બજાવી રહ્યા છે. તેમનાં જન્મદિન પર આજે દેશ - વિદેશ માં ફેલાયેલા તેમનાં વિશાળ મિત્ર વર્તુળ અને શુભેચ્છકો તરફથી તેઓને તેમનાં મોબાઈલ નં.૯૮૨૫૦૨૦૦૬૪ પર શુભેચ્છા સંદેશ મળી રહ્યા છે.

# વિનોબા ભાવે પે સેન્ટર શાળા નંબર ૯૩માં ૯૩ વિદ્યાર્થીઓનો ભવ્ય પ્રવેશોત્સવ ઉજવાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત શ્રી વિનોબા ભાવે પે સેન્ટર શાળા નંબર ૯૩ માં તારીખ ૨૭ જૂનના રોજ સવારે ૮:૦૦ કલાકે બાલવાટિકા, ધોરણ ૧ અને આંગણવાડીના વિદ્યાર્થીઓનો ભવ્ય પ્રવેશોત્સવ કાર્યક્રમ ઉજવાયો. કન્યા કેળવણી મહોત્સવ તથા શાળા પ્રવેશોત્સવ ૨૦૨૪ અંતર્ગત ઉજવણી ઉલ્લાસમય શિક્ષણની ૯૩ વિદ્યાર્થીઓને હર્ષભેર શાળામાં પ્રવેશ આપીને કરવામાં આવી. પૂર્વ મેયર શ્રી રાજકોટ નગરપાલિકા ડો. પ્રદીપભાઈ ડવના અધ્યક્ષ સ્થાને શાળા નંબર ૯૩ માં પ્રવેશ ઉત્સવ ઉજવાયો. મુખ્ય મહેમાન તરીકે મહેશભાઈ રાઠોડ ઉપપ્રમુખ રાજકોટ શહેર ભાજપ, રાજદીપસિંહ જાડેજા ઉપ-પ્રમુખ રાજકોટ શહેર ભાજપ,





સુરેન્દ્રસિંહ વાળા ચેરમેન સમાજ કલ્યાણ સમિતિ રાજકોટ, મનસુખભાઈ વેકરીયા સદસ્ય શ્રી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ રાજકોટ, યોગેશભાઈ ભુવા પ્રમુખ કિસાન મોરચો શહેર ભાજપ, વિનોદભાઈ સોરઠીયા કોર્પોરેટરશ્રી વોર્ડ નંબર ૧૧, રણજીતભાઈ સાગઠીયા કોર્પોરેટર વોર્ડ નંબર ૧૧, અતિથિ વિશેષ તરીકે મહેશભાઈ પીપળીયા પ્રમુખ શ્રી વોર્ડ નંબર ૧૧, વિનોદભાઈ ઈસોટીયા મહામંત્રીશ્રી વોર્ડ નંબર ૧૧, મૂળુભાઈ ઓડેદરા મહામંત્રી શ્રી વોર્ડ નંબર ૧૧, શાળાનાં એસએમસી અધ્યક્ષ માયાબેન મહેતા તથા એસએમસીનાં તમામ સભ્ય , દાતાશ્રી તથા નિવૃત્ત શિક્ષકશ્રી ગીરાબેન શાહ, શ્રી હરદેવસિંહ જાડેજા ધ્રોલ હાઈસ્કૂલનાં પ્રિન્સિપાલ તથા નાના મવા ગામ અગ્રણી, નાના મવા યુવક મંડળ તરફથી રામદેવસિંહ જાડેજા, ચંપકસિંહ જાડેજા, પીએસસી ઇન્સ્ટ્રક્ટર મોનિકાબેન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પ્રોફેસરશ્રી રંજનબેન ખુંટ, અગ્રણી ઉદ્યોગપતિ અજીતસિંહ, મોટીવેશનલ સ્પીકર કિન્નરીબા જાડેજા વગેરે મહેમાનશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. નાના નાના બાળકોનો પ્રવેશ ચંદનનાં તિલક સાથે તથા મોં મીઠું કરીને કરાવવામાં આવ્યો. બાળકોને દફતર તથા સ્ટેશનરી કીટ આપી તેમનું સ્વાગત કરાયું. શાળાના બાળકોએ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યો. આ ઉપરાંત ધોરણ ત્રણ થી આઠનાં વાર્ષિક પરીક્ષામાં એક થી ત્રણ નંબર લાવનાર અને શૈક્ષણિક સિદ્ધિ હાંસેલ કરનાર વિદ્યાર્થીઓને ઇનામ વિતરણ કરવામાં આવ્યું. આ ઉપરાંત સીઈટીની પરીક્ષા, એનએમએમએસની પરીક્ષામાં મેરીટમાં આવનાર વિદ્યાર્થીઓનું પણ સન્માન કરવામાં આવ્યું. શાળામાં દાનનો ધોધ વહાવનાર દાતાશ્રી ગીરાબેન શાહનું પણ સન્માન કરવામાં આવ્યું. મહેમાનશ્રીઓ દ્વારા શાળાના પ્રટાંગણમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું તથા મહેમાનશ્રીઓ દ્વારા શાળા શાળાની સંપૂર્ણ મુલાકાત લેવામાં આવી. શાળાના સ્માર્ટ વર્ગો, શાળાનાં બાલવાટીકા વર્ગમાં થયેલું પેઇન્ટિંગ આ ઉપરાંત શાળાની વિવિધ પ્રવૃત્તિઓથી મહેમાનોને અવગત કરવામાં આવ્યા. મહેમાનશ્રીઓ દ્વારા શાળામાં એસોઇ અંતર્ગત નવનિર્માણ પામેલા વર્ગોનું રિબન કાપી લોકાર્પણ કરવામાં આવ્યું. મહેમાનશ્રીઓ દ્વારા શાળાની વિવિધ સિદ્ધિઓ બદલ આચાર્યશ્રી વનિતાબેન રાઠોડ તથા શાળા પરિવારને અભિનંદન પાઠવવામાં આવ્યા. અધ્યક્ષશ્રી ડો. પ્રદીપભાઈ ડવ દ્વારા બાળકોને પ્રેરણાદાયી પ્રવચન પૂરું પાડવામાં આવ્યું. આચાર્ય વનિતાબેન રાઠોડ દ્વારા શાળા નંબર ૯૩માં પીએમશ્રી શાળાનો પરિચય કરાવવામાં આવ્યો. તથા પીએમશ્રી શાળા બનતાં શાળાનાં બાળકોને થયેલ લાભ વિશે મહેમાનોને અવગત કરાવવામાં આવ્યા. શાળા નંબર ૯૩ માં ધોરણ બે થી આઠમાં પણ ખૂબ મોટી સંખ્યામાં બાળકોએ પ્રવેશ મેળવ્યો છે. તથા ખાનગી શાળાઓ છોડી બાળકો પીએમ શ્રી શાળા નંબર ૯૩ માં પ્રવેશ મેળવવા માટે વળ્યા છે તેના વિશેની પણ માહિતી આપવામાં આવી. ખૂબ મોટી સંખ્યામાં વાલીઓ તથા વિદ્યાર્થીઓ પ્રવેશોત્સવનાં કાર્યક્રમમાં હાજર રહ્યા હતા.


# આટકોટ–ગોંડલ રોડ પર વિદેશી દારૂભરેલી કાર સાથે બે રાજસ્થાની શખ્સો ઝડપાયા

## રૂરલ એલસીબીની ટીમે ફોચ્યુનર કાર અને દારૂ સહિત કુલ રૂ.૨૩.૪૫ લાખનો મુદ્દામાલ કબજે ર્ક્યો

**મુખ્ય સમાચાર રાજકોટ**

રાજકોટની ભાગોળે ગ્રામ્ય વિસ્તારમાં બુટલેગરો માટે વિદેશી દારૂનો કટીંગ કરવા સ્વર્ગ સમાન વિસ્તારો મળી રહેતા હોય ત્યારે આટકોટ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી રૂરલ એલસીબીની ટીમે વિદેશી દારૂ ભરેલી કાર સાથે બે રાજસ્થાનીઓને દબોચી લઈ રૂ.૨૩.૪૫ લાખનો મુદ્દામાલ કબજે ર્ક્યો છે.





આ અંગેની માહિતી મુજબ ગ્રામ્ય એલસીબીના પીઆઈ વી.વી.ઓડેદરાની સુચનાથી પીએસઆઈ એચ.સી.ગોહિલ, ડી.જી.બડવા, હેડ કોન્સ્ટેબલ દિવ્યેશભાઈ, નિલેશભાઈ, રાજુભાઈ તથા ભોજાભાઈ સહિતનો સ્ટાફ ગ્રામ્ય વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે એક ફોર્ચ્યુન કાર આટકોટ-ગોંડલ રોડ પર શંકાસ્પદ રીતે નિકળતા પોલીસે તેને અટકાવી તલાશી લેતા વિદેશી દારૂની ૮૮૮ બોટલ કિંમત રૂ.૩.૧૦ લાખ સાથે કારનો ચાલક નરેશકુમાર પહાડજી પુરોહિત (રહે.સાચોર નહેરૂકોલોની રાજસ્થાન) તથા ગુલાબખા અનવર મુસ્લા (રહે.પાનસલા રાજસ્થાન) નામના બે શખ્સોની ધરપકડ કરી કાર સહિત કુલ રૂ.૨૩.૪૫ લાખનો મુદ્દામાલ કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે.

# ક્રિષ્ના વોટર પાર્ક સામે ૧૦૪૪ બોટલ દારૂ ભરેલી સ્કોર્પીયો કાર સાથે બે ઝડપાયા

## ક્રાઈમ બ્રાંચની ટીમે બાતમીના આધારે રાજકોટ અમદાવાદ હાઈ–વે પર વોચ ગોઠવી હતી : કાર સહિત રૂ.૧૧.૭૯ લાખનો મુદ્દામાલ કબજે

**મુખ્ય સમાચાર રાજકોટ**

રાજકોટ શહેરમાં બુટલેગરો સક્રિય બની વિદેશી દારૂનો જથ્થો મંગાવાનું શરૂ કરતા પોલીસે પણ બાતમીદારોનું નેટવર્ક કામે લગાડી કાર્યવાહી શરૂ કરી છે. ગત રાત્રીના ક્રાઈમ બ્રાંચની ટીમે બાતમીના આધારે કુવાડવા પાસે આવેલ ક્રિષ્ના વોટર પાર્ક સામે ૧૦૪૪ બોટલ વિદેશી દારૂ ભરેલી કાર સાથે શહેરના નામચીન બુટલેગર સહિત બે શખ્સોની ધરપકડ કરી છે.





આ અંગેની પોલીસમાંથી માહિતી મુજબ ક્રાઈમ બ્રાંચના પીઆઈ એમ.આર.ગોંડલિયાની સુચનાથી પીએસઆઈ એ.એસ.ગરચર, કોન્સ્ટેબલ મહેશભાઈ ચાવડા તથા હરપાલસિંહ જાડેજા સહિતનો સ્ટાફ રાજકોટ અમદાવાદ હાઈવે પર પેટ્રોલિંગમાં હતા ત્યારે ટીમને મળેલ ચોક્કસ બાતમીના આધારે કુવાડવા પાસે આવેલ ક્રિષ્ના વોટર પાર્ક સામે વોચ ગોઠવી હતી. તે દરમિયાન નંબર વગરની કારા કલરની સ્કોર્પીયો કારમાં બે શખ્સો શંકાસ્પદ રીતે નિકળતા પોલીસે તેનો પીંછો કરી કારને અટકાવી તલાશી લેતા કારમાંથી શહેરનો નામચીન બુટલેગર ચંન્દ્રેશ ઉર્ફે કાળિયો જગદીશ ચાઉ (રહે.કોઠારિયા ચોકડી ન્યુ રાધેશ્યામ સોસાયટી) અને કારનો ડ્રાઈવર ઉતમારામ જગનારામ પુરોહિત (રહે.ધાંગધ્રા નરસિંહપરા) નામના બંને શખ્સોની ધરપકડ કરી કારમાંથી ૧૦૪૪ બોટલ વિદેશી દારૂ કિંમત રૂ.૨.૪૪ લાખ તથા કાર સહિત કુલ રૂ.૧૧.૭૯ નો મુદ્દામાલ કબજે કરી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# રીસામણે બેઠેલી પત્નીના માવતર પક્ષે પતિની જાણ બહાર ગર્ભપાત કરાવતા પોલીસમાં ફરિયાદ

## આર્થિક ભીંસના કારણે સાસરિયાઓ યુવાનની પત્નીને તેડી ગયા બાદ પરત ન મોકલીઃ પોલીસે તપાસ હાથ ધરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના મવડી રોડ પર શક્તિનગર વિસ્તારમાં રહેતા આનંદ મનસુખભાઈ લીંબાસીયા (ઉ.વ. ૨૫) નામના યુવકે જૂનાગઢના ઉપરકોટ વિસ્તારમાં રહેતા પ્રદીપ વિનુભાઈ મારડિયા વિરુદ્ધ તાલુકા પોલીસ સ્ટેશનમાં એક લેખિત ફરિયાદ આપી છે. તેમાં તેણે જણાવ્યું હતું કે તેના લગ્ન ગત ૨૦૧૯ ની સાલમાં બગસરા તાલુકાના કડાયા ગામના વતની ગોરધનભાઈ લાઠીયાની પુત્રી સોનલ સાથે થયા હતા. લગ્ન બાદ બંનેનું જીવન વ્યવસ્થિત ચાલતું હતું પરંતુ સમય જતા યુવક આનંદ લીંબાસીયાની આર્થિક પરિસ્થિતિ ખરાબ થવા લાગતા તેના સાસરિયાઓએ પુત્રીને પરત લાવવા માટેનું પડયંત્ર રચવાનું શરૂ કરી દીધું હતું ગત તારીખ ૨૧/ ૧૧/ ૨૦૨૩ ના રોજ આનંદની પત્ની સોનલને તેના માવતર આટો મારવા માટે તેડી ગયા હતા તે સમયે સોનલને સારા દિવસો ચાલતા હોવાનું તેણે જણાવ્યું છે. બાદમાં સમય જતા સોનલને પરત મોકલી ન હતી પણ અચાનક આનંદના સાસરીયાઓ સામાન લેવા પહોંચી ગયા હતા અને તમામ દર દાગીના મોબાઈલ સહિતની ચીજ વસ્તુઓ વીજ વસ્તુઓ લઈ ગયા હતા તે બાબતે આનંદ લીંબાસીએ જણાવ્યું છે તેણે અગાઉ પણ પોલીસમાં અરજી આપેલી છે.

તેના સાસરીયાઓએ સોનલને પરત તો મોકલી ન હતી પરંતુ તેના ગર્ભમાં રહેલું ત્રણ માસનું બાળક ગેરકાયદેસર રીતે પડાવી નાખ્યું હતું. આ બાબતથી આનંદ લીંબાસીયા અત્યંત દુઃખી થયેલ અને સાસરિયાઓને પાઠ ભણાવવા માટે રાજકોટની અદાલતમાં કેસ પણ કરેલો છે. જેથી આનંદના સાસરિયાઓ અવારનવાર તેને ત્રાસ આપવા લાગ્યા હતા. સમય જતા આનંદ લીંબાસીયા અને તેના પરિવારજનો ઉપર શારીરિક માનસિક ત્રાસની ફરિયાદ દાખલ કરાવી હતી અને બાદમાં કોર્ટમાં ભરણપોષણ અંગેનો પણ કેસ દાખલ કરાવી નાખ્યો હતો.


હાલ આ કેસ બગસરા ની અદાલતમાં ચાલી રહ્યો છે પરંતુ આનંદે વધુમાં એવું જણાવ્યું છે કે તેના હજુ છૂટાછેડા છૂટાછેડ થયેલ નથી અને તેની પત્ની તેની પાસે ભરણપોષ ભરણપોષણ પણ માંગે છે. પરંતુ હું મારી પત્નીને આજે તો શું કાયમ માટે રાખવા તૈયાર છું. પરંતુ મારા સાસરિયાઓ રાજી નથી. મારી પત્ની સાથે મને ક્યારેય એકલતામાં વાત કરવામાં આવી ન હતી અને તેને બળજબરીપૂર્વક આ બધું કરાવી રહ્યા છે. એ વાત તો ઠીક છે પરંતુ હાલ તેની પત્ની સોનલ તેના માવતર કડાયા હોવી જોઈએ પરંતુ આ રીતે જુનાગઢના ઉપરકોટ વિસ્તારમાં રહેતા અને બેંકમાં નોકરી કરતા પ્રદીપ વિનુભાઈ મારડિયા ના ઘરે રહેતી હોવાનું જાણવા મળ્યું છે અને ત્યાં સોનલના માવતર એ તેને બળજબરીપૂર્વક ભેસાડી દીધી હોવાનું તેને લાગી રહ્યું છે જે બાબતે યોગ્ય તપાસ કરવા તાલુકા પોલીસને અરજ કરી છે.

# જૂનાગઢના મેંદરડા ગામે શ્રમિક પરિવારના માસુમ બાળકને દીપડાએ ફાડી ખાધો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મેંદરડા તાલુકામાં વાડી વિસ્તારમાં રહેતા શ્રમજીવી પરિવારના સાડા ત્રણ વર્ષના બાળકને દીપડાએ ફાડી ખાતા પરિવાર પર આભ ફાટ્યું છે. સાડા ત્રણ વર્ષનો બાળક વાડી વિસ્તારમાં રમી રહ્યો હતો ત્યારે જ દીપડાએ હુમલો કરી બાળકને ઉઠાવી નાસી છૂટયો હતો. જેની વનવિભાગની જાણ કરતા વનવિભાગની ટીમે દીપડાના પગના નિશાનના આધારે તપાસ કરતા ૨૦૦ મીટર દૂરથી બાળક લોહીલુહાણ હાલતમાં મળી આવ્યો હતો. જેને હોસ્પિટલ ખસેડાતા ડોક્ટરોએ મૃત જાહેર ર્ક્યો હતો. વનવિભાગની ટીમ દ્વારા હાલ હુમલાખોર દીપડને ઝડપી પાડવા શોધખોળ હાથ ધરી છે.





જૂનાગઢના મેંદરડાના અમરગઢ વાડી વિસ્તારમાં મજૂરી કામ કરતા અને રહેતા શ્રમજીવી પરિવારનો સાડા ત્રણ વર્ષનો બાળક રોહિત બુધવારે સાંજે વાડીમાં રમી રહ્યો હતો. ત્યારેજ આવી ચેડેલા દીપડાએ રોહીત દીપડાના પગના નિશાનના આધારે તપાસ કરતા ઘટનાસ્થળથી ૨૦૦ મીટર દૂર રોહિતનો લોહીલુહાણ હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો. રોહિતનો હોસ્પિટલ લઈ જવાતા ડોક્ટરોએ મૃત જાહેર ર્ક્યો હતો.

દીપડાએ માસૂમ બાળકને ફાડી ખાતા આસપાસના વિસ્તારમાં રહેતા લોકોમાં ફફડાટ ફેલાયો છે. તો બીજી તરફ વનવિભાગ દ્વારા હુમલાખોર દીપડાને પાંજરે પૂરવા માટે શોધખોળ શરૂ કરવામાં આવી છે. પર હુમલો કરતા આસપાસના લોકોએ બૂમાબૂમ કરી મૂકી હતી. જેથી દીપડો રોહિતને પોતાના મોઢામાં પકડી વાડી વિસ્તાર તરફ નાસી છૂટ્યો હતો. ઘટના અંગે વનવિભાગને જાણ કરાતા વનવિભાગની ટીમ તાત્કાલીક ઘટનાસ્થળ પર પહોંચી હતી.

# મવડી પ્લોટમાં ૧૦ વર્ષનાં તરૂણ ગરબાની પ્રેકટીસ કરતી વેળાએ ઢળી પડયોઃ મોત

## મનપાના નિત્તૃત કર્મચારી અને નવલનગરમાં પ્રૌઢને હાર્ટએટેક આવતા મોત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં છેલ્લા ઘણા વખતથી નાની ઉંમરમાં હૃદય રોગના હુમલાના બનાવો વધી રહ્યાં છે. ૧૦ વર્ષના તરૂણને ગરબા રમતા હાર્ટએટેક આવ્યો હતો. તેમજ મહાનગરપાલિકાના સફાઈ કામદાર અને બાવન વર્ષના પ્રૌઢનું હાર્ટએટેક આવતાં એક જ દિવસમાં હાર્ટએટેકથી ત્રણનાં મોત નિપજ્યા હતાં.



આ અંગેની માહિતી મુજબ મવડી પ્લોટ નજીક જીવરાજ પાર્ક પાસે રહેતા અને ધો. ૫માં અભ્યાસ કરતાં પ્રિયન જીજ્ઞેશભાઈ પોકીયા (ઉ.૧૦) પોતાના ઘર નજીક બાલાજી ગરબા મંડળમાં ગરબાની પ્રેક્ટીસ કરતો હતો ત્યારે તેને હૃદય રોગનો હુમલો આવતાં બેભાન હાલતમાં સારવાર માટે ખસેડાયો હતો. જેનું સારવાર દરમિયાન મોત થયું હતું. પ્રિયનને જન્મથી જ હૃદયમાં કાણુ હોવાનું પરિવારજનોએ જણાવ્યું હતું.

બીજા બનાવમાં રેલનગર અવધ પાર્ક શેરી નં.૪માં રહેતા અને મહાનગરપાલિકાના નિવૃત્ત સફાઈ કર્મચારી નાથાભાઈ ધનાભાઈ વાઘેલા (ઉ.૭૫) પોતાના ઘરે બેભાન હાલતમાં ઢળી પડયા હતાં. જેને સારવાર માટે હોસ્પિટલે ખસેડાયા હોય તેમનું મોત થયું હતું. નાથાભાઈ છેલ્લા ચાર વર્ષથી પેરેલીસીસની બિમારીનો ભોગ બન્યા હતાં.

ત્રીજા બનાવમાં રાજકોટનાં નવલનગર ૯-૧૧માં રહેતા મુકેશભાઈ બાલુભાઈ દદાલી (ઉ.૫૨) ગઈકાલે બપોરે ઘરે બેભાન થઈ ગયા હતાં. જેને સારવાર માટે હોસ્પિટલે ખસેડાયા હતાં. પરંતુ સારવાર મળે તે પૂર્વે જ તેમનું મોત થયું હતું.

# હરીહર ચોક પાસે વોંકળાની જમીન બેસી જતા જોખમી હોર્ડિંગ ઉતારી લેવાયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં વરસાદી માહોલ બંધાતા જ મનપા તંત્ર એલર્ટ બની ગયું છે ત્યારે શહેરના હરિહર ચોક પાસે વોકળા ઉપર આવેલ જુના ઘોડા સ્ટેન્ડ પાસેની જમીન બેસી જતા તાકીદે સ્ટાફ દોડી ગયો હતો અને જગ્યા કોર્ડન કરી અહીં બેસતા નાના વેપારીઓને ખસેડી બે મોટા જોખમી હોર્ડિંગ ઉતારી લેવામાં આવ્યા હતા. પ્રાપ્ત વિગતો મુજબ



હરિહર ચોક કે પાસે જુનું થોડા સ્ટેન્ડ આવેલું છે આ જગ્યા વોકળા ઉપર હોય ત્યાં જમીન બેસી ગઈ હોવાની જાણ કરવામાં આવતા તુરંત મનપાનો સ્ટાફ દોડી ગયો હતો અને અહીં બેસીને ચા-પાનનો થડો રાખી વેપાર કરતા નાના વેપારીઓએ દુર ખસેડી જગ્યા કોર્ડન કરી હતી તેમજ આ

વોકળા ઉપર જ બે મોટા હોર્ડિંગ પણ ખડકાયેલા હોય તાકીદે ક્રેઈન મારફતે બંને હોર્ડિંગ સલામત રીતે નીચે ઉતારી લેવામાં આવ્યા હતા તંત્ર દ્વારા અગાઉથી જ આ વોકળા આડે પતરા નાખી દેવામાં આવ્યા છે અત્રે ઉલ્લેખનીય છે કે સર્વેશ્વર ચોકમાં જે વોકળાનો સ્લેબ તૂટી પડયો હતો તે જ વોકળો અહીંથી પસાર થતા હોય ફરી કોઈ દુર્ઘટના સર્જાય તે પૂર્વે જ તંત્ર દ્વારા તાકીદના પગલા લેવામાં આવ્યા છે.

# ભગવતીપરાના બે નામચીન શખ્સો પાસામાં ધકેલાયા

## બંને શખ્સો લૂંટ, હત્યા, દારૂ અને હત્યાના પ્રયાસ સહિત ૧૫ જેટલા ગુનામાં પોલીસ ચોપડે ચડી ચુક્યા છે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

અગાઉ પંદર જેટલા ગુનાઓમાં પોલીસ ચોપડે ચડી ચુકેલા ભગવતીપરાના બે શખ્સોને પોલીસ કમિશનરે પાસામાં ધકેલી દીધા છે. ભગવતીપરા મેઈન રોડ જયપ્રકાશનગર સુખસાગર હોલની સામે રહેતાં સાવન મીઠાભાઈ પરમાર (ઉ.વ.30) અને જયપ્રકાશનગર-૧૪/૮ના ખુણે ચામુંડા કરિયાણાવાળી શેરીમાં રહેતાં સલિમ ઉર્ફે સલ્લુબાપુ હનીફશા શાહમદાર (ઉ.વ.૩૪)ને પાસા તળે વડોદરા અને સુરત જેલમાં ધકેલી દેવામાં આવ્યા છે. સાવન વિરૂધ્ધ પ્ર.નગર, બી-ડિવીઝન, એ- ડિવીઝનમાં મારામારી, લૂંટ, દાસ, જાહેરનામા ભંગ, આર્મ્સ એક્ટ, ચોરી સહિતના ૧૫ ગુના





નોંધાઈ ચુક્યા છે. જ્યારે સલિમ ઉર્ફે સલુબાપુ વિરૂધ્ધ બી-ડિવીઝન પોલીસ સ્ટેશનમાં મારામારી, લૂંટ, હત્યા, હત્યાની કોશિષ, દારૂ સહિતના ૧૫ ગુના નોંધાઈ ચુક્યા છે. આ બંનેને પાસામાં ધકેલવાની દરખાસ્ત જેસીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી સજનસિંહ પરમાર, એસીપી આર. એસ. બારીયાની સુચના અનુસાર બી-ડિવીઝન પોલીસે તૈયાર કરતાં પોલીસ કમિશનર બ્રજેશ ઝાએ મંજુર કરી હતી. પાસા વોરન્ટની બજવણી ઈન્ચાર્જ પીઆઈ કે. જે. કરપડા હીરાભાઈ રબારી, ડી. સ્ટાફ ટીમ અને પીસીબીની ટીમે કરી હતી.

# ગોકુળધામ પાસે ભાઈની નજર સામે યુવાનનું અજાણ્યા શખ્સો કારમાં અપહરણ કરી ગયા

## મારમારી ગોંડલ પાસે યુવાનને ફેંકી દીધોઃ પ્રેમ પ્રકરણમાં યુવતીના પરિવારજનોએ હવાલો આપી અપહરણ કરાવ્યાનો આક્ષેપ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના ગોકુલધામ કવાર્ટસમાં રહેતા કોળી યુવાનનું તેનાં ભાઈની નજર સામે સાત શખ્સોએ ફોર્ચ્યુનર કારમાં અપહરણ કર્યું હતું અને તેને ગોંડલ નજીક આશાપુરા ડેમ પાસે માર મારી ફેંકી દીધો હતો. જે બાબતે માલવીયાનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાતાં સાત શખ્સો વિરૂધ્ધ પોલીસે ગુનો નોંધી ધરપકડ માટે તજવીજ હાથ ધરી છે. પ્રેમ પ્રકરણમાં યુવતીના પરિવારજનોએ હવાલો આપતાં અપહરણ કરાયાનું અપહૃત યુવાને જણાવ્યું હતું.





આ અંગેની માહિતી મુજબ રાજકોટના ગોકુલધામ કવાર્ટસ નં.૧૧માં રહેતા અને ગેરેજ ચલાવતાં ભૌમિક પ્રવિણભાઈ સોલંકીએ નોંધાવેલી ફરિયાદમાં માલવીયાનગર પોલીસે પુનિતનગર પાસે ટાંકા નજીક રહેતા પરીયો ગઢવી, મેટીયો, અમરદીપ ઝાલા, જયેલા તથા સા કોળી તથા તેની સાથેના બે અજાણ્યા શખ્સોના નામ આપ્યા છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ, ગેરેજ ચલાવતો ભૌમિક ગઈકાલે પોતાના ગેરેજે હતો ત્યારે રાત્રિનાં આઠ વાગ્યે ઘરે ગયો ત્યારે હાર્દિક તેના કવાર્ટસ નીચે ઉભો હતો અને એક સફેદ કલરની ફોર્ચ્યુનર કારમાં આવેલા આ સાતેય શખ્સોએ તેના ભાઈ હાર્દિક સાથે ઝઘડો કરી ફોર્ચ્યુનર કારમાં ધરાર બેસાડવાનો પ્રયાસ કરતાં હતાં. ધોકા હાથમાં લઈને આ ટોળકીએ હાર્દિકને ફોચર્ચ્યુનર કારમાં બેસાડવા બળજબરી કરતાં હતાં ત્યારે હાર્દિક આ ટોળકીના પરીયો અને તેના સાથેના શખ્સોને કહ્યું કે 'તમે મને મારવા આવો છો, મારી જ લેજો' તેવું કહેતો હતો. આ ટોળકીએ ધરાર ફર્ચુનર કારમાં હાર્દિકનું અપહરણ કરી લીધું હતું. આ ઘટના વખતે હાર્દિકનો ભાઈ ભૌમિક ત્યાં પહોંચ્યો ત્યારે હાર્દિકને છોડાવવાનો પ્રયાસ કર્યો પરંતુ પરીયા ગઢવીએ ધોકા મારી તેને પછાડી દીધો હતો. પરેશ ગઢવીએ 'જો તું વચ્ચે આવીશ તો તને પણ મારી નાખીશ' તેવી ધમકી આપી હતી. હાર્દિકનું અપહરણ કરી આ ટોળકી તેને ગોંડલ રોડ તરફ લઈ ગઈ હતી. બીજી તરફ આ બાબતે માતા જયોત્સનાબેન અને મિત્ર સુરજને જાણ કરતાં ભૌમિક માલવીયાનગર પોલીસ મથકે પહોંચ્યો હતો. આ ઘટના અંગે પોલીસ ફરિયાદ માટે તજવીજ કરતાં હતાં. પોલીસ ફરિયાદ નોંધાઈ હોવાનું જાણવા મળતાં જ અપહરણકારો હાર્દિકને મુકી ભાગી ગયા હતાં. હાર્દિક જણાવ્યું કે તેને મેટોડામાં રહેતી એક યુવતી સાથે પ્રેમ સંબંધ હોય જેના પરિવારજનોના કહેવાથી હવાલો લઈ આ સાત શખ્સોએ તેનું અપહરણ કર્યું હતું.

# ધરમનગર આવાસના કવાર્ટરમાં ધો.૧૨ના વિદ્યાર્થીનો ગળાફાંસો ખાઈ આપઘાત

## પાડોશીએ દરવાજો ખખડાવતા નહિ ખોલતા માતાને જાણ કરી પુત્રને લટકતો જોઈ માતાનો કરૂણ કલ્પાંત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના ૧૫૦ ફુટ રીંગ રોડ પર આવેલા ધરમનગર આવાસ યોજના કવાર્ટરમાં રહેતા ધો.૧૨ સાયન્સના છાત્રએ અગમ્યકારણોસર ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતાં ચકચાર મચી જવા પામી છે. બપોરના સમયે વરસાદ આવતાં પાડોશીએ દરવાજા ખટખટાવ્યો પરંતુ કોઈ એ ન ખોલતા ફોન કરી વિદ્યાર્થીના માતાને જાણ કરી હતી. જેથી માતાએ ઘરે આવી જોયું તો પુત્ર લટકતો મળી આવ્યો હતો. આ બનાવથી પરિવારજનોમાં ગમગીની છવાઈ જવા પામી છે.



આ અંગેની માહિતી મુજબ ધરમનગર આવાસ કવાર્ટરમાં રહેતા શ્રીદેવ મહેન્દ્રભાઈ નકુમ (ઉ.૧૮) નામના યુવાને આજે બપોરે પોતાના ઘરે પંખા સાથે ચુંદડી બાંધી ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવી લીધું હતું. બનાવની જાણ થતાં યુનિવર્સિટી પોલીસ મથકનો સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો અને જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પીઅમ અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડી તપાસ હાથ ધરી હતી. પ્રાથમિક તપાસમાં મૃતક શ્રીદેવ બે ભાઈમાં મોટો અને ધો.૧૨ સાયન્સમાં પાસ થયા બાદ કોલેજમાં એડમીશન લેવાનું હતું. તેના માતા કામે ગયા હતાં. દરમિયાન આજે બપોરે વરસાદ આવતાં પાડોશી મહિલાએ તેમના કપડા વરસાદમાં ભીના થતાં હોય જેથી દરવાજો ખટખટાવ્યો હતો. પરંતુ કોઈએ દરવાજો ન ખોલતા પાડોશીએ રમિલાબેનને ફોન કરી તમારા કપડા વરસાદમાં ભીના થાય છે અને તમારો દરવાજો કોઈ ખોલતું નથી' તેમ જણાવતા રમિલાબેને ઘરે દોડી આવ્યા હતાં. દરમિયાન પાડોશીએ ભેગા થઈ દરવાજો તોડતા પુત્ર શ્રીદેવ લટકતો મળી આવ્યો હતો. વધુ તપાસમાં તેના પિતા પમ્પંબરનું કામ કરતાં હોવાનું અને શ્રીદેવનું ગાંધીનગર કોલેજમાં એડમિશન લેવાનું જાણવા મળ્યું છે. તેણે આ પગલું શા માટે ભરી લીધું ? તે અંગે પરિવારજનો પણ અજાણ હોય પોલીસે આપઘાતનું કારણ જાણવા માટે વધુ તપાસ હાથ ધરી છે. આ બનાવથી સતવારા પરિવારમાં શોકની લાગણી છવાઈ જવા પામી છે.

# આર્થિક ભીંસથી કંટાળી યુવાને કાલાવડ રોડ પર કારમાં ઝેરી દવા ગટગટાવી લીધી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં મોટામવામાં વિસ્તારમાં આવેલા અમરનાથ પાર્કમાં રહેતા બાંધકામના ધંધાર્થીએ ધંધો નહીં ચાલતા ચિંતામાં કાલાવડ રોડ ઉપર સ્વિમિંગ પુલ પાસે પોતાની કારમાં ઝેરી પાવડર પી લીધો હતો. યુવકને ઝેરી અસર થતા સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો.

આ અંગેની માહિતી મુજબ મોટામવા વિસ્તારમાં આવેલા અમરનાથ પાર્કમાં રહેતા અને બાંધકામના વ્યવસાય સાથે સંકળાયેલા કિશોર પરસોતમભાઈ હિરપરા નામનો ૩૯ વર્ષનો યુવાન બપોરના અઢી વાગ્યાના અરસામાં કાલાવડ રોડ ઉપર આવેલ સિસ્વિમિંગ પૂલ પાસે હતો ત્યારે પોતાની કારમાં ઝેરી પાવડર પી લીધો હતો યુવકને ઝેરી અસર થતા તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલના દાખલ કરવામાં આવ્યો હતો.

પ્રાથમિક પૂછપરછમાં કિશોરભાઈ હિરપરાને સંતાનમાં એક ૧૪ વર્ષનો પુત્ર છે અને બાંધકામનો વ્યવસાય કરે છે કિશોરભાઈ હિરપરાએ કામ ધંધાની ચિંતામાં પગલું ભર્યું હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે તાલુકા પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT